RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક
E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 146* Date: 24.03.2021 Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### કોરોના રસી મુદ્દે મોદી કેબિનેટનો સૌથી મોટો નિર્ણય

# ૧ એપ્રિલથી ૪૫થી વધુ ઉંમરના તમામને કોરોનાની રસી અપાશે

## કોઇ બીમારી નહીં હોય તેવા સામાન્ય લોકોને પણ કોરોનાની રસીનો પ્રથમ ડોઝ અપાશે, અત્યાર સુધી ૪.૮૫ કરોડ લોકોને વેક્સિન અપાઇઃ જાવડેકર

ન્યુ દિલ્હી,તા.૨૩

કેન્દ્ર સરકારે કોરોના વિરુદ્ધના જંગમાં વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. પીએમ નરેન્દ્ર મોદીની અધ્યક્ષતા મળેલી કેબિનેટ બેઠકમાં નિર્ણય લેવાયો છે કે, ૧લી એપ્રિલથી દેશમાં ૪૫થી વધુ ઉંમર ધરાવતા તમામ લોકોને કોરોનાની રસી આપવામાં આવશે. કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે આ અંગે સત્તાવાર પુષ્ટિ કરી હતી.

ઉલ્લેખનીય છે કે હાલમાં દેશમાં ૬૦થી વધુ ઉંમરના લોકોને જ કોરોનાની રસી આપવામાં આવે છે. જો કે હવે ૧લી એપ્રિલથી ૪૫થી વધુ ઉંમરના તમામ લોકોને કોરોનાની રસી આપવામાં આવશે. તાજેતરમાં ૪૫થી વધુ ઉંમતના કો-મોર્બિડ લોકોને જ રસી આપવામાં આવતી હતી પરંતુ હવે કોઈ બીમારી નહીં હોય તેવા સામાન્ય લોકોને પણ કોરોનાની રસીનો પ્રથમ ડોઝ આપવામાં આવશે.

જાવડેકરે જણાવ્યું કે કોરોના સામેની લડાઈમાં રસી સૌથી અસરકારક કવચ છે. કેન્દ્રીય મંત્રીના મતે હજુ પણ આપણે એકથી દોઢ વર્ષ સુધી માસ્ક પહેરી રાખવું પડશે. કોરોના જરા પણ હળવાશમાં લઈ શકાય નહીં. ફરીથી લોકડાઉન અંગે તેમને પૂછવામાં આવતા તેમણે કહ્યું કે, જે રાજ્યોમાં કોરોનાના વધુ કેસો નોંધાયા છે તે રાજ્ય સરકારો સાથે કેન્દ્ર સંપર્કમાં છે અને અસરકારક મેનેજમેન્ટ દ્વારા સ્થિતિ ઝડપથી સુધરશે.

હોળીના તહેવાર બાદ દેશમાં કોરોના વેક્સિનેશનનું અભિયાન તેજ બની શકે છે. કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે મંગળવારના પ્રેસ કૉન્ફરન્સમાં આની જાહેરાત કરી. કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે કહ્યું કે, લોકોએ ફક્ત પોતાનું રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે અને સરળતાથી સરકારી-પ્રાઈવેટ સેન્ટર્સ પર વેક્સિન મળી શકશે. તેમણે કહ્યું કે, અત્યાર સુધી ૪.૮૫ કરોડ લોકોને વેક્સિન લગાવવામાં આવી ચુકી છે.લગભગ ૮૦ લાખ લોકોને કોરોનાનો બીજો ડોઝ પણ લગાવવામાં આવી ચુક્યો છે. પ્રકાશ જાવડેકરે કહ્યું કે, ગઈકાલે જ દેશમાં કુલ ૩૨ લાખ કોરોના વેક્સિનના ડોઝ લગાવવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે વેક્સિનેશનનું પ્રમાણ વધારવાનો આ નિર્ણય ત્યારે લેવામાં આવ્યો છે, જ્યારે દરરોજ ૪૦ હજારથી વધારે કેસ સામે આવી રહ્યા છે.હાલ દેશમાં ૧૦,૦૦૦ સરકારી સેન્ટર્સ અને હજારો પ્રાઈવેટ સેન્ટર્સ પર કોરોના વેક્સિન અપાઈ રહી છે. સરકારી સેન્ટર્સ પર ફ્રીમાં વેક્સિન ડોઝ



અપાઈ રહ્યો છે જ્યારે પ્રાઈવેટ સેન્ટર પર પ્રતિ ડોઝના ૨૫૦ રૂપિયા ચાર્જ લેવામાં આવી રહ્યો છે.

## મહારાષ્ટ્રમાં હાઇ લેવલ ટ્રાન્સફર-પોસ્ટિંગનું રેકેટ,મારી પાસે પુરાવાઃ ફડણવીસ

ન્યુ દિલ્હી,તા.૨૩

મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે રાજ્યમાં રહેલા રાજકીય વિવાદને લઈને ફરી એકવાર સનસની ખુલાસા કર્યા છે. ફડણવીસે દાવો કર્યો હતો કે, ગૃહમંત્રી અનિલ દેશમુખ ક્વારંટાઈન નહોતા પરંતુ લોકો સાથે મુલાકાત કરી રહ્યાં હતાં. સાથે જ ફડણવીસે ઈશારો કર્યો છે કે, તેઓ આ મામલે દિલ્હી જશે.

દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે, એન્ટિલિયા કેસમાં અનેક બાબતો સામે આવી છે, જે આશ્ચર્ય પમાડનારી છે. મુંબઈના પૂર્વ પોલીસ કમિશ્નર પરમબીર સિંહે ગૃહમંત્રી અનિલ દેશમુખ પર ગંભીર આરોપો લગાવ્યા છે. ફડણવીસે કહ્યું હતું કે, શરદ પવારના દાવા ગઈ કાલે જ ખોટા સાબિત થયા હતાં. જેટલા પણ પુરાવા અત્યાર સુધી સામે આવી રહ્યાં છે તેનાથી સ્પષ્ટ થાય છે કે, આ તદ્દન જુઠ્ઠાણું છે. ભાજપે દાવો કર્યો છે કે, પોલીસ રેકોર્ડ પ્રમાણે અનિલ દેશમુખ ૧૭ ફેબ્રુઆરીએ સહ્યાદ્રી ગેસ્ટ હાઉસમાં હતાં, ૨૪ ફેબ્રુઆરીએ તે પોતાના મંત્રાલય પહોંચ્યા હતાં.

ભાજપના નેતા દેવેન્દ્ર ફડણવીસે દાવો કર્યો છે કે, તેમની પાસે એક ચિઠ્ઠી છે જેને લઈને તે દિલ્હીમાં કેન્દ્રીય ગૃહ સચિવ સાથે મુલાકાત કરશે. તેઓ દિલ્હીમાં અપીલ કરશે કે આ ટ્રાંસફર રેકેટની સીબીઆઈ દ્વારા તપાસ કરાવવામાં આવે.

ગૃહમંત્રી અનિલ દેશમુખ કોરોના પોઝિટીવ આવ્યા હોવાથી ૬ થી ૧૫ સુધી ફેબ્રુઆરી સુધી હોસ્પિટલમાં ભરતી હતાં અને ત્યાર બાદ ૨૭ ફેબ્રુઆરી સુધી ઘરમાં જ ક્વારંટાઈન હતા તેવો દાવો ગઈ કાલે શરદ પવારે કર્યો હતો. જેને ફગાવતા પૂર્વ મુખ્યમંત્રી ફડણવીસે કહ્યું હતું કે, શરદ પવારને ખોટી જાણકારી આપીને પત્રકાર પરિષદમાં ખોટુ કહેવડાવવામાં આવ્યું. ફડણવીસે કહ્યું હતું કે, અનિલ દેશમુખ ક્વારંટાઈન નહીં પણ સતત લોકોને મળી રહ્યાં હતાં. જેથી તમામ જાણકરીઓ સામે આવવી જોઈએ.

રાજયમાં ટ્રાસંફર અને પોસ્ટિંગ રેકેટ પણ સમાંતર રીતે ચાલી રહ્યું છે. અમારી સરકારમાં પણ જ્યારે આ બાબત સામે આવી તો અમે આકરી કાર્યવાહી કરી હતી. ફડણવીસે દાવો કર્યો છે કે, તેમની પાસે ફોન કોલના રેકોર્ડિંગ છે, જેનાથી એ વાત સ્પષ્ટ થાય છે કે, આ તમામ બાબતોની જાણકારી મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે પાસે પણ હતી.

### છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૪૦ હજાર નવા કેસ, ૧૯૯ લોકોના મોત

## બ્રાઝિલ અને અમેરિકા પછી સૌથી વધુ કોરોના કેસોમાં ભારત ત્રીજા સ્થાને

ન્યુ દિલ્હી,તા.૨૩

ભારતમાં ફરી એકવાર કોરોના કેસ વધી રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસોમાં કોરોના વાયરસના કેસમાં મોટો વધારો થયો છે. આરોગ્ય મંત્રાલયે જાહેર કરેલા તાજેતરના આંકડા મુજબ ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૪૦,૭૧૫ નવા કેસ નોંધાયા છે. આ સમયગાળા દરમિયાન, ૧૯૯ લોકો મૃત્યુ પામ્યા અને ૨૯,૭૮૫ લોકો ઠીક થયા છે. રોજના નવા કેસની સંખ્યામાં વધારો થતા ભારત દુનિયામાં ત્રીજા નંબરનો દેશ બન્યો છે જ્યાં સૌથી વધારે રોજના નવા કેસ નોંધાઈ રહ્યા છે.નવીનતમ માહિતી સાથે ભારતમાં કોરોના વાયરસના કુલ કેસો ૧ કરોડ, ૧૬ લાખ, ૮૬ હજાર ૭૯૬ સુધી પહોંચી ગયા છે, જ્યારે અત્યાર સુધી ૧ કરોડ, ૧૧ લાખ ૮૧ હજાર ૨૫૩ લોકો આ



ચેપથી સાજા થયા છે.

ભારતમાં હાલમાં કોરોનાના ૩ લાખ ૪૫ હજાર ૩૭૭ સક્રિય કેસ છે, જ્યારે આ રોગચાળાની લપેટમાં ૧ લાખ ૬૦ હજાર ૧૬૬ લોકોએ જીવ ગુમાવ્યો છે. તે જ સમયે, દેશમાં ચાલી રહેલા કોરોના વાયરસ રસીકરણ અંતર્ગત, અત્યાર સુધીમાં ૪ કરોડ ૮૪ લાખ ૯૪ હજાર ૫૯૪ લોકોને રસી આપવામાં આવી છે.

મહારાષ્ટ્ર, કેરળ, તામિલનાડુ, પંજાબ વગેરે રાજ્યોમાંથી કોરોના વાયરસના મોટાભાગના દર્દીઓ આવે છે. કોરોનાના ઝડપથી વધી રહેલા કેસોએ સરકારની ચિંતા વધારી દીધી છે. કેન્દ્ર સરકાર તમામ રાજ્ય સરકારોના સંપર્કમાં છે. કેન્દ્ર સરકારે રાજ્ય સરકારોને કોરોના વાયરસ અંગે જારી કરેલા માર્ગદર્શિકાનું કડક પાલન કરવા જણાવ્યું છે.

તે જ સમયે, નિષ્ણાતો કહે છે કે કોરોના વાયરસના કેસમાં ઝડપથી વધારો થવાનું કારણ લોકોની બેદરકારી છે. લોકો રસીને કોરોના વાયરસની દવા તરીકે સારવાર આપી રહ્યા છે અને કોઈપણ સંરક્ષણ વિના ઘરની બહાર નીકળી રહ્યા છે.

ભારતમાં કોરોના વાયરસના ૨૦ લાખ કેસ ૭ ઓગસ્ટના રોજ થયા હતા, આ પછી ૨૩ ઓગસ્ટે ૩૦ લાખ, ૫ સપ્ટેમ્બરે ૪૦ લાખ, ૧૬ સપ્ટેમ્બરે ૫૦ લાખ પર પહોંચી ગયા હતા. આ પછી ૬૦ લાખ પહોંચતા ૨૮ સપ્ટેમ્બર સુધીનો ટૂંકો સમય લાગ્યો હતો. જે પછી ૧૧ ઓક્ટોબરે ૭૦ લાખ, ૨૯ ઓક્ટોબરે ૮૦ લાખ, ૨૦ નવેમ્બરે ૯૦ લાખ અને ૧૯ ડિસેમ્બરે કોરોનાના કુલ કેસનો આંકડો ૧ કરોડને પાર થઈ ગયો હતો.

## ઓક્ટોબર ૨૦૨૦ પછી સળંગ પાંચ મહિના સુધી GST વસૂલાત રૂ. એક લાખથી વધુ

ન્યુ દિલ્હી,તા.૨૩

દેશમાં આર્થિક પ્રવૃતિમાં વેગ આવ્યો હોવાથી ઓક્ટોબર ૨૦૨૦ પછી સળંગ પાંચ મહિનામાં ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ વસૂલાત રૂ. એક લાખ કરોડને પાર રહી હોવાનું રાજ્યકક્ષાના નાણાં મંત્રી અનુરાગ ઠાકુરે રાજ્યસભામાં એક જવાબમાં જણાવ્યું હતું. કોરોના મહામારીને લીધે ઠપ થયેલા અર્થતંત્રને વેગવંતુ કરવા માટે સરકારે લીધેલા પગલાંને પરિણામે આ શક્ય બન્યું હોવાનું મંત્રીએ વધુમાં જણાવ્યું હતું.

જીએસટી વસૂલાત વધી છે. ઈ-વે બિલના ડેટા પર નજર કરીએ તોપગતિવિધિ પણ વધી છે તેમ ઠાકુરે જણાવ્યું હતું. ઓક્ટોબર ૨૦૨૦થી સળંગ પાંચ મહિના સુધી જીએસટી વસૂલાત રૂ. એક લાખ કરોડથી વધુ રહી છે. અગાઉના વર્ષના સમાન ગાળાની તુલનાએ આ ગાળામાં જીએસટી કલેક્શન ઊંચું રહ્યું છે. અર્થતંત્રમાં ત્રીજા ત્રિમાસમાં ‘વી’ શેપ રિકવરી જોવા મળી હતી. જીડીપી આંકડા પણ સકારાત્મક રહ્યા હતા અને વેપાર ક્ષેત્રે સુધારો જોવા મળ્યો હતો. કોવિડ ૧૯ના ગાળામાં જૂન ત્રિમાસમાં ભારતનો જીડીપી માઈનસ ૨૪.૪ ટકા થઈ ગયો હતો. સતત બે ત્રિમાસમાં ભારતીય અર્થતંત્ર મંદીમાં સરકી ગયું હતું. ઓક્ટોબરથી ડિસેમ્બરના ગાળામાં જીડીપી સાધારણ વધીને ૦.૪ ટકા રહ્યો હતો. અનુરાગ ઠાકુરે જણાવ્યું કે, આત્મનિર્ભર ભારત કાર્યક્રમ, લોન મોરેટોરિયમ સહિતના પગલાંથી આર્થિક ગતિવિધિને વેગ આપવાનો સરકારે પ્રયાસ કર્યો હતો. એપ્રિલ મેમાં ઈ વે બિલમાં નોંધાયેલા ઘટાડા છતાં ચાલુ વર્ષે અત્યાર સુધીમાં ઈ-વે બિલની સંખ્યા અગાઉના વર્ષની સમકક્ષ રહી હોવાનું પણ મંત્રીએ જણાવ્યું હતું. પ્રતિ માસ જીએસટી વસૂલાતના ડેટા તેમજ ઈ-વે બિલના આંકડા અર્થતંત્રમાં સુધારાની સચોટ નિશાની હોવાનું મંત્રીએ જણાવ્યું હતું.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં
કોરોના નવા કેસની સંખ્યાઃ૧૭૩૦
રાજ્યમાં કુલ કેસનો આંકડો
પહોંચ્યો : ૨૯૦૩૭૯
ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં
લોકોનાં મૃત્યુઃ ૦૪
રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા
દર્દીઓની સંખ્યા :૧૨૫૫
ગુજરાતમાં સાજા થયેલા કુલ
દર્દીઓની સંખ્યા : ૨૭૭૭૦૩

### આસામ ચૂંટણીઃ ભાજપે સંકલ્પ પત્ર જાહેર કર્યું

## એનઆરસીમાં સુધાર, પૂરથી મુક્તિ સહિત ૭ મોટા વાયદાઓ કર્યા

ગૌહાટી,તા.૨૩

આસામ વિધાનસભા ચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટીએ પોતાનો મેનિફેસ્ટો જાહેર કરી દીધી છે. બીજેપી અધ્યક્ષ જે.પી. નડ્ડાએ આસામ માટે બીજેપીનો મેનિફેસ્ટો જાહેર કરતાં વાયદો કર્યો કે, રાજયમાં એનઆરસીમાં સુધાર કરવામાં આવશે અને ત્યારબાદ જ તેને યોગ્ય રીતે લાગુ કરવામાં આવશે. આસામ ચૂંટણીને ધ્યાને લઈ બીજેપીનો મેનિફેસ્ટો જાહેર કરતાં જેપી નડ્ડાએ કહ્યું કે, પાંચ વર્ષ પહેલા આસામમાં અનેક પડકારો હતા, જેનો સામનો એનડીએની સરકારે કર્યો છે. આસામને વિકાસના પંથે અગ્રેસર કર્યું છે. બીજેપી અધ્યક્ષે વધુમાં કહ્યું કે, આસામમાં એનઆરસીને યોગ્ય રીતે લાગુ કરીશું, સુપ્રીમ કોર્ટના નિર્દેશોનું પાલન કરીશું. ઘૂસણખોરોની ઓળખ કરવામાં આવશે. આ ઉપરાંત આસામમાં સીમાંકનની પ્રક્રિયાને આગળ ધપાવવામાં આવશે.

સંકલ્પ પત્રમાં બીજેપીએ રાજ્યની જનતાને ૭મોટા વાયદા કર્યાઃ-

૧. મિશન બ્રહ્મપુત્ર- પૂરની સમસ્યાને રોકવાનો પ્રયાસ કરવામાં આવશે જેથી આસામની જનતાને તેનાથી મુશ્કેલી ન થાય.

૨. ૩૦ લાખ પરિવારોને અરૂણોદય યોજના હેઠળ દર મહિને ૩ હજાર રૂપિયાની આર્થિક મદદ આપવામાં આવશે.

૩. તમામ નામઘરોને અઢી લાખ રૂપિયાની સહાયતા આપવામાં આવશે, ગેરકાયદેસર નિર્માણને હટાવવામાં આવશે.

૪. સરકારી સ્કૂલોમાં તમામ બાળકો માટે મફતમાં શિક્ષણ, સ્ટુડન્ટ્સને આઠમા ધોરણ બાદ સાઈકલ આપવાની જાહેરાત.

૫. આસામમાં યોગ્ય એનઆરસી લાગુ કરાશે, સુપ્રીમ કોર્ટના નિર્દેશોનું પાલન કરાશે. ઘૂસણખોરોની ઓળખ કરવામાં આવશે.

૬. આસામમાં સીમાંકનની પ્રક્રિયાને આગળ ધપાવવામાં આવશે.

૭. આત્મનિર્ભર આસામ માટે અભિયાન ચલાવવામાં આવશે. દરેક ક્ષેત્રોને મદદ પૂરી પાડવામાં આવશે અને તેમને પ્રોત્સાહન આપવામાં આવશે.

## ગૃહ મંત્રાલયે કોરોના અંગે જાહેર કર્યા નવા નિયમો, ૩૦ એપ્રિલ સુધી લાગુ રહેશે

### આ ગાઈડલાઈનમાં મુખ્યરૂપથી ટેસ્ટ, ટ્રેક અને ટ્રીટની રણનીતિ પર કામ કરવા ભાર મુકવામાં આવ્યો છે.

)ન્યુ દિલ્હી,તા.૨૩

ઘણા રાજ્યોમાં કોરોનાના સતત વધી રહેલા કેસો વચ્ચે ગૃહ મંત્રાલયે એપ્રિલ મહિના માટે નવી ગાઈડલાઈન જાહેર કરી દીધી છે. આ ગાઈડલાઈનમાં મુખ્યરૂપથી ટેસ્ટ, ટ્રેક અને ટ્રીટની રણનીતિ પર કામ કરવા ભાર મુકવામાં આવ્યો છે. સાથે રસીકરણ અભિયાન પર વધુ ધ્યાન આપવાનું કહેવામાં આવ્યું છે. જે રાજ્યોમાં આરટી-પીસીઆર ટેસ્ટના આંકડા ઓછા છે તેને વધારવામાં આવે અને ૭૦ ટકા સુધી તેમાં વધારો કરવાના નિર્દેશ આપવામાં આવ્યા છે. નવી ગાઈડલાઈન ૧ એપ્રિલથી ૩૦ એપ્રિલ સુધી અમલમાં રહેશે.

જ્યારે નવા કોરોનાના કેસ સામે આવે તો તેની સમય પર સારવાર અને તેના પર નજર રાખવામાં આવે. કોન્ટેક્ટ ટ્રેસિંગ દ્વારા સંપર્કમાં આવેલા લોકોને ક્વોરેન્ટીન કરવામાં આવે. કન્ટેઈન્મેન્ટ ઝોનની જાણકારી જિલ્લા કલેક્ટર વેબસાઈટ પર અપલોડ કરે અને આ લિસ્ટને કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય સાથે શેર કરે.

માસ્ક પહેરવા અને સોશિયલ ડિસ્ટેન્સિંગના નિયમોનું પાલન કરાવવા માટે યોગ્ય દંડ ફટકારવાની વાત કહેવામાં આવી છે. આ સાથે સ્પષ્ટ કરવામાં આવ્યું કે, ઈન્ટર સ્ટેટ અને ઈન્ટ્રા સ્ટેટ (બીજા રાજ્યોમાં જવા) ને લઈને પ્રતિબંધો લગાવવામાં ન આવે.

જે રાજ્યોમાં રસીકરણની ગતિ ધીમી છે તેને લઈને ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. રાજ્યોને કહેવામાં આવ્યું છે કે રસીકરણ અભિયાનમાં તેજી લાવો. કોરોનાની ચેન તોડવા માટે આ જરૂરી છે.

મહારાષ્ટ્ર, પંજાબ, ગુજરાત, છત્તીસગઢ, કર્ણાટક અને તમિલનાડુમાં ઝડપથી કેસ વધી રહ્યાં છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં સામે આવેલા કેસમાંથી ૮૧ ટકા કેસ માત્ર આ છ રાજ્યોમાં છે.

## તંત્રી સ્થાનેથી...

# ચૂંટણી પ્રચારમાં બાહોશ ભાજપ પશ્ચિમ બંગાળમાં ખત્તા કેમ ખાઈ ગયું ....?

દેશભરમાં કોરોનાએ રફતાર પકડી છે છેલ્લા ૨૪ કલાકમાં ૪૭ હજારથી વધુ કેસો સામે આવ્યા છે.ત્યારે કોરોનાથી બચાવવા માટે દેશભરમાં સરકાર દ્વારા રસીકરણ અભિયાન જોરશોરથી ચલાવવામાં આવી રહ્યું છે. દેશના કેટલાક રાજ્યોમાં રાજ્યોની કે સ્વરાજ સંસ્થાઓની ચૂંટણીના પરિણામો આવ્યા બાદ ટોરોન્ટો બીજો રાઉન્ડ શરૂ થયો છે જે માટે આમ પ્રજાની બેદરકારી હોવાના કારણે ફેલાયો હોવાનું કહીને રાજનેતાઓ પોતાની કે રાજકીય પક્ષોની અને તેમના ચૂંટણીના વિવિધ કાર્યક્રમોનો ઉલ્લેખ કર્યા વગર બચાવ કરે છે. દેશમા વિવિધ ધાર્મિક કાર્યક્રમો કે પારંપારિક ઉજવાતા તહેવારો પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે, તે સાથે લગ્ન પ્રસંગ,મૃત્યુ ક્રિયાઓ અનુસંધાને સંખ્યા ની મર્યાદા નક્કી કરી દેવામાં આવી છે. ત્યારે સોશિયલ મીડિયા પર લોકોએ સવાલ ઉઠાવ્યા છે તેમ જ પ્રજા વચ્ચે સવાલી ચર્ચાઓ છે કે "કોરોના કેટલો સમજુ છે કે સરકાર ઇચ્છે ત્યારે એક્ટીવ થાય છે.....?! ચૂંટણી પ્રચાર કરો, મતદારોને ટોળામાં મળવા જાવ,સભાઓ ભરો,રેલીઓ કાઢો ત્યારે કોરોના ન ફેલાય.... અને શિવરાત્રી, ધુળેટી જેવા પ્રસંગોની ઉજવણી કરો, ધાર્મિક સ્થળો પર રંગોત્સવ મનાવો તો કોરોના થઈ શકે છે". સરકારની આવી બેવડી નિતી-રીતી સામે લોકો રોષ વ્યક્ત કરી રહ્યા છે. દેશમાં કોરોના કેસોમાં રોજબરોજ વધારો થઈ રહ્યો છે અને આમ પ્રજાને મોઢે માસ્ક ધારણ કરવા તથા કોરોના નિયમો પાળવા આદેશો અપાયા છે... ત્યારે બીજી તરફ દેશનાં પાંચ રાજ્યોની ચૂટણીઓ યોજાવા જઈ રહી છે.જેમા સભાઓ,રેલીઓ સહિતના કાર્યક્રમોનો દોર જામ્યો છે... ત્યાં મોટાભાગના રાજનેતાઓ,નેતાઓ કે કાર્યકરો માસ્ક ધારણ કરતા નથી અને કોરોનાની ઐસી તૈસી કરે છે..... તો શું આ રાજ્યોમાં કોરોના નહીં ફેલાય અને ચૂંટણી પરિણામો પછી કોરોના ફેલાય તો કોને જવાબદાર ગણવામાં આવશે......?

દેશમાં ભાજપને સત્તાનો મોહ એવો લાગ્યો છે કે દિલ્હી રાજયની કેજરીવાલ સરકાર રાજ્યપાલને પૂછીનેજ પાણી પી શકે....! ટૂંકમાં લોકશાહી રીતે ચૂંટાયેલી રાજ્ય સરકારની સત્તાઓનું ફીડલુ વાળી દેવામાં આવ્યું છે. પશ્ચિમ બંગાળ સર કરવાની ઉતાવળ અને ઉત્સાહમાં ભાજપ દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત અખબારોમાં મહિલા સાથે વડાપ્રધાનશ્રીના હાસ્યસભર ફોટા સાથે આત્મનિર્ભર ભારત-આત્મનિર્ભળ બંગાળ"ના સૂત્ર સાથે જાહેરાત પ્રસિદ્ધ થયેલ જેમાં છપાયેલ છે કે "મુજે મિલા અપના ઘર, સર પર છત મિલનેસે કરીબ ૨૪ લાખ પરિવાર સૂએ આત્મનિર્ભર" સાથ આઈયે ઔર એક સાથ મિલકર આત્મનિર્ભર ભારતકે સ્વપ્નકો સચ કરે"... આ જાહેરાતમાં જે મહિલાનો ફોટો હતો તે લક્ષ્મીદેવી નામની ભાડાના મકાનમાં પોતાના પરિવાર સાથે રહેતી અને સફાઈ કામ કરતી મહિલાનો ફોટો હતો.જેને ત્યાંના મિડીયાને મુલાકાત આપી તથા તે મહિલાનો વિડીયો પણ વાયરલ થવા સાથે સમગ્ર દેશમાં વાયરલ થયો.... અને પછી તો મમતાજી કાઈ પણ બાકી રાખે ખરી....?ટીએમસી ભાજપ પર તૂટી પડ્યું અને પશ્ચિમ બંગાળના લોકોમાં ભાજપ જે જુઠ્ઠુ બતાવી રહ્યો છે તે વાત પ્રજા વચ્ચે લઈ જતા.... આમ પ્રજામાં ફરી વળી છે જે જૂઠી જાહેરાત ભાજપને ભારે પડી જઈ શકે છે. તે સાથે ભાજપમાં ન હતી તેવી બે વ્યક્તિને ટિકીટ ફાળવતાં તેના ઘેરા પ્રત્યાઘાત પણ લોકોમા પડયા છે.તદ ઉપરાત પશ્ચિમ બંગાળમાં ભાજપ નેતાઓમાં આંતરિક ખેંચતાણ લઈને ભાજપનું સપનું પૂરું નહીં થઈ શકે તેવી સ્થિતિ બની રહી છે. જોકે ભાજપ માટે તો પાંચ રાજ્યોમાં જેટલી પણ બેઠકો મળે તે ચોખ્ખો નફોજ છે. કારણ આ પાંચ રાજ્યોમાં ભાજપની ઓળખ લોકો વચ્ચે નથી તો કર્ણાટકમાં જ્યા અમિત શાહની સભા રાખવામાં આવી હતી તે વિસ્તારના ઉમેદવારનું ચૂંટણી ફોર્મ જ રદ થયું છે.... ત્યારે સવાલ થાય છે જે ભાજપનુ ચૂંટણી મેનેજમેન્ટ કુનેહબાજ,ચબરાક અને ગણતરીબાજ કહેવાય છે તે પશ્ચિમ બંગાળ, કર્ણાટકમાં ખત્તા કેમ ખાઈ ગયું.....?

# છત્તીસગઢમાં નક્સલવાદીઓએ જવાનોની બસને વિસ્ફોટથી ઉડાવી, ૩ જવાન શહીદ

રાયપુર,તા.૨૩

છત્તીસગઢના નારાયણપુરમાં નક્સલવાદીઓએ આઈટીબીપીના જવાનોથી ભરેલી બસને બ્લાસ્ટ કરી હોવાની ઘટના સમાઈ અવી છે. આ બ્લાસ્ટમાં ૩ સૈનિકો શહીદ થયા હોઈવાનું હાલ જાણવા મળી રહ્યું છે અને ૮ ગંભીર રીતે ઘાયલ થયા છે. મળતી માહિતી મુજબ આ વિસ્ફોટ આઈઈડી દ્વારા કરવામાં આવ્યો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે નકસલવાદીઓએ કડેનર અને માંડોદા નજીક આઇટીબીપી બસને નિશાન બનાવી હતી. આઈટીબીપી જવાન તેમનું ઓપરેશન હાથ ધરીને પરત ફરી રહ્યા હતા, ત્યારે નક્સલવાદીઓએ તેમને નિશાન બનાવ્યા.

છત્તીસગઢના ડીજીપી ડીએમ અવસ્થીએ જણાવ્યું હતું કે નારાયણપુર જિલ્લામાં નક્સલવાદીઓ દ્વારા કરવામાં આવેલા આઇઇડી બ્લાસ્ટમાં ડીઆરજી (ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ) ના જવાન મૃત્યુ પામ્યા છે અને કેટલાકની હાલત ગંભીર છે. વિસ્ફોટ ખૂબ જ ભયાનક હતો અને તેમાં ૩ સૈનિકો શહીદ થયા છે. તેમણે કહ્યું કે આ વિસ્ફોટમાં ૫ સૈનિકો ગંભીર રીતે ઘાયલ થયા છે અને કુલ ૧૦ ઘાયલ થયા છે. તેઓએ જણાવ્યું છે કે બસમાં કુલ ૨૭ સૈનિકો હતા. અધિકારીઓના જણાવ્યા મુજબ, આ વિસ્તારને ઘેરવામાં આવ્યો છે અને ઘાયલ સૈનિકોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે.

# ઘોઘા હત્યાકાંડ મુદ્દે જિજ્ઞેશ મેવાણી વિધાનસભા ઘેરાવ કરે તે પહેલા અટકાયત




ગાંધીનગર,તા.૨૩

ગાંધીનગરના ઘોઘાના સણોસરા ગામે અનુસૂચિત વ્યક્તિની હત્યાની ઘટના બાદ જૈંની ધરપકડની માંગ સાથે આજે ધારાસભ્ય જીગ્નેશ મેવાણીની અધ્યક્ષતામાં દેખાવોનો કાર્યક્રમ યોજાયો હતો. જિજ્ઞેશ મેવાણીની અધ્યક્ષતામાં આ મુદ્દે વિધાનસભા ઘેરાવો કરવાની તૈયારી કરવામા આવી હતી. તે પહેલા જ જિજ્ઞેશ મોવાણીની અટકાયત કરાઈ હતી. ઉલ્લેખનીય છે કે, ગાંધીનગરમાં ધારાસભ્ય ક્વાર્ટર બહાર વિરોધ કાર્યક્રમને પગલે અગાઉથી જ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો. આ પહેલા પણ વિધાનસભામાં મેવાણીએ ગૃહમાં આ મુદ્દો ઉઠાવ્યો હતો.

આ વિશે જિગ્નેશ મેવાણીએ સરકાર સામે અનેક સવાલો ઉઠાવતા કહ્યું કે, રોસ્ટર પદ્ધતિ લાગુ થવા મામલે અનામત અંગે અનેક સવાલ ઉભા થયા છે. ગુજરાતમાં રિઝર્વેશન એક્ટ ન હોવાના કારણે ગુજરાત સરકારના વિવિધ વિભાગોમાં ટોટલ કેટલો બેકલોગ બાકી છે અને કેવી રીતે રોસ્ટરની પદ્ધતિ લાગુ થાય છે તેનાથી સમગ્ર ગુજરાતના અનુસૂચિત આદિવાસીઓ, ઓબીસી સમાજના ભાઈબહેનો બેખબર છે. સમગ્ર ગુજરાતમાં અનામતને લઈને શુ થશે તે વિશે માહિતી નથી. ૩૭૨ જૈં ની ભરતીમાં ઓબીસી અને એસટી સમાજનો છેદ ઉડાડવામાં આવ્યો છે. અનુસૂચિતો પરના હુમલાની આ ૧૪ મી ઘટના સામે આવી છે. છતાં હુમલાઓ પર કાર્યવાહી કરવામાં નથી આવતી. અમે ફક્ત વિધાનસભા બહાર પ્લે કાર્ડથી સવાલ પૂછવા માંગીએ છીએ. અમરાભાઈ બોરીચાના પરિજનો ૨૨ દિવસથી માંગ કરી રહ્યા છે. મુખ્યમંત્રી રૂપાણી અનુસૂચિતોના મિત્ર બનવા માંગતા નથી. ગુજરાતમાં અનુસૂચિતો સાથે અન્યાય થઈ રહ્યો છે અને સવાલ પૂછવા દેવામાં નથી આવી રહ્યો. વિધાનસભામાં પણ આ અંગે સવાલ પૂછવા નથી દેવાતો. ગૃહરાજ્ય મંત્રી પ્રદીપસિંહ જાડેજા પણ સમગ્ર મામલે મૌન છે. સણોસરા ગામ મુદ્દે પીએસઆઈની ધરપકડ કેમ નથી તેનો જવાબ નથી આપવામાં આવી રહ્યો. પોસ્ટર લઈને સરકારને સવાલ પૂછવા માંગીએ છીએ. અમારી વેદના વ્યક્ત કરવા માંગીએ છીએ.

## વરાછા વિસ્તારમાં આવેલ કેદાર હાઈટ્સ પાસે નિર્માણાધીન ઈમારત એકાએક ધરાશાયી

# સુરતમાં કન્સ્ટ્રક્શન સાઈટ પર દિવાલ ધસી પડતા ૪ શ્રમિકોના મોત

### કુલ આઠ શ્રમિકો દટાતા ચારના મોત નિપજ્યા, અંડરગ્રાઉન્ડ પાર્કિંગ દિવાલનું કામ ચાલતું હતું, બેદરકારો સામે પગલાં લેવા શ્રમ રોજગાર મંત્રાલયે રિપોર્ટ મંગાવ્યો



સુરત,તા.૨૩

સુરતના વરાછામાં દિવાલ ધરાશાયી થતાં આઠ લોકો દટાયા હતા. જેમાંથી ચાર શ્રમિકોનાં મોત નિપજ્યા છે. વરાછાના કેદાર હાઈટ પાસે આ બનાવ બન્યો છે. દિવાલ ધરાશાયી થવાની જાણકારી મળતાં જ ફાયરબ્રિગેડનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. અને રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કરી દીધું હતું.

સુરતના વરાછા વિસ્તારમાં આવેલાં કેદાર હાઈટ્સ પાસે નિર્માણાધીન ઈમારત સિલ્વર હાઈટ્સની દિવાલ એકાએક ધરાશાયી થઈ ગઈ હતી. આ સમયે ત્યાં કામ ચાલી રહ્યું હતું. અને દિવાલ ધરાશાયી થતાં અનેક શ્રમિકો માટીની અંદર દટાઈ ગયા હતા. દિવાલ ધરાશાયી થતાંની સાથે જ સાથી કારીગરો લોકોને બચાવવા દોડી ગયા હતા. અને પોલીસ તેમજ ફાયર જવાનોએ તાત્કાલિક રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કરી દીધું હતું.

સિલ્વર હાઈટ બિલ્ડિંગના કન્સ્ટ્રક્શન દરમિયાન અંડરગ્રાઉન્ડ ખોદકામની કામગીરી ચાલતી હતી. તે સમયે સિમેન્ટની દિવાલ બનાવવાનું કામ ચાલતું હતું. ત્યારે જ એકાએક સ્લેબ તૂટી પડતાં ૨૦ ફૂટ નીચે શ્રમિકો દટાઈ ગયા હતા. ભીની માટી અને સૂકી માટી બંને હોવાને કારણે ફાયરની ટીમને રેસ્ક્યૂ ઓપરેશનમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. સુરત દુર્ઘટનાના પડઘા ગાંધીનગર સુધી પડ્યા હતા. શ્રમ અને રોજગાર વિભાગે ઘટનાનો અહેવાલ મગાવ્યો છે.

સમગ્ર ઘટના સાઈટ ઉપર લાગેલા સીસીટીવીમાં કેદ થઈ હતી. સીસીટીવી કેમેરામાં દિવાલ કેવી રીતે પડી તે સ્પષ્ટ દેખાય આવ્યું હતું. દિવાલની આસપાસ કામ કરતા મજૂરો દિવાલના કાટમાળ નીચે કેવી રીતે દબાયા હશે તેનો અંદાજ સીસીટીવી પરથી સ્પષ્ટ જણાઈ આવે છે. ગણતરીની સેકન્ડમાં જ દિવાલમાં ગાબડુ પડી જતાનું કેદ થયું હતું. ૪ શ્રમિકોના મોતની ગંભીર ઘટના બન્યા બાદ પણ સુરત શહેરના મેયર હેમાલી બોઘાવાલા ઘટના સ્થળની મુલાકાત લેવા પહોંચ્યા હતાં. આમ આદમી પાર્ટીના વિરોધ પક્ષના નેતાએ મેયરના ઉદાસીન વલણની પણ ટીકા કરી હતી. મેયરે કહ્યું કે, સમગ્ર ઘટનાની તપાસ કરવામાં આવશે. તેમજ દોષિતો સામે પગલા લેવામાં આવશે એવું નિવેદન આપીને ઘટનાસ્થળ પરથી તરત જ રવાના થઇ ગયા હતા.

## ગુજરાતથી ઉત્તરાખંડ આવેલા ૨૨ યાત્રાળુ કોરોના પોઝિટિવ

ગાંધીનગર,તા.૨૩

ગુજરાતના કોરોના કેસોએ હાહાકાર મચાવ્યો છે. ત્યાં ગુજરાતથી ઋષિકેશ બસમાં ગયેલા તમામ ૨૨ યાત્રીઓનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. બસ ૪ દિવસ પહેલા ગુજરાતથી ઋષિકેષ પહોંચી હતી. ત્યારે તમામ મુસાફરોના ઈૅંઝઈ ટેસ્ટ મુનિકીરેતી ખાતે કરવામાં આવ્યા હતા, જેમાં તમામ પોઝિટિવ જોવા મળ્યા હતા.

ગુજરાતથી મુનીકીરેતી નીલકંઠ વિસ્તારમાં ગુજરાતના ૨૨ મુસાફરો ફરવા પહોંચ્યા હતા. જેમાં તમામ કોરોના પોઝિટિવ નીકળ્યા છે. ચાર દિવસ પહેલા મુનિકીરેતી ચેક પોસ્ટ પર તેમના આરટીપીસીઆર સેમ્પલ લેવામાં આવ્યા હતા. સોમવારે તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ખાસ વાત એ છે કે, સેમ્પલ લીધા બાદ આ મુસાફરો અહીંથી નીલકંઠ મહાદેવ મંદિર ગયા હતા. જેના બાદ તેઓ મુનીકીરેતના શીશમ ઝાડી સ્થિત એક આશ્રમમાં રોકાયા હતા. હવે આરોગ્ય વિભાગની ટીમે આશ્રમમાં રહેલા લોકોના સેમ્પલ લેવાની તૈયારી કરી છે.

## પોલીસે હુમલાખોરને કસ્ટડીમાં લીધો

# કોલોરાડોમાં સુપરમાર્કેટમાં બેફામ ગોળીબાર: પોલીસ અધિકારી સહિત ૧૦નાં મોત

કોલોરાડો,તા.૨૩

અમેરિકાના કોલોરાડોના બોલ્ડરમાં સુપરમાર્કેટમાં એક શખ્સે અંધાધૂંધ ગોળીબાર કરતા પોલીસ અધિકારી સહિત ૧૦ લોકોને મોતને ઘાટ ઉતારી દીધા છે. પોલીસે એક સંદિગ્ધની ધરપકડ કરી લીધી છે. જો કે આ શખ્સે ગોળીબાર શા માટે કર્યો તેનું કારણ હજી સુધી જાણી શકાયું નથી. પોલીસે આ સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે. બોલ્ડર પોલીસે ટ્વીટ કરીને ગોળીબારની ઘટના અંગે પુષ્ટી કરી હતી.

સોમવારે રાત્રે બનેલી આ ઘટનાથી અમેરિકાનું ગન કલ્ચર ફરી માથાનો દુઃખાવો બની ગયું છે. પોલીસે સુપરમાર્કેટમાંથી એક સંદિગ્ધ શખ્સની ધરપકડ કરી હતી. આ શખ્સને પગમાંથી લોહી નીકળી રહ્યું હતું અને તેણે ફક્ટ શોટ્‌ર્સ પહેરી હતી. પોલીસે ગોળીબારની ઘટના બાદ તેને હથકડી પહેરાવી ધરપકડ કરી લીધી છે.

બોલ્ડર પોલીસના જણાવ્યા મુજબ આ ગોળીબારમાં મૃત્યુ પામનાર એક પોલીસ અધિકારી પણ છે. પોલીસ અધિકારીની ઓળખ એરિક ટેલી (૫૧) તરીકે થઈ છે. તે ૨૦૧૦થી બોલ્ડર પોલીસમાં સેવા આપી રહ્યા હતા. તે એક સાત વર્ષના બાળકના પિતા પણ છે. આ દુઃખદ છે કે એરિકે જ સૌપ્રથમ હુમલાખોર સામે બાથ ભીડી હતી અને તેનું કમનસીબે ગોળી વાગતા મોત થયું હતું.

બોલ્ડર ડિસ્ટ્રિક્ટ એટર્ની માઈકલ ડોઘર્ટીના જણાવ્યા મુજબ, મૃતકોના પરિવારજનોની ઓળખ કરવામાં આવી રહી છે જેથી હજી સુધી નામ જાહેર કરવામાં નથી આવ્યા. હુમલાખોરે કિંગ્સ સુપર્સ સ્ટોરમાં અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો.

ગોળીબારની ઘટનાને પગલે ઝડપથી પોલીસે સમગ્ર વિસ્તારને ઘેરી નાકાબંધી કરી દીધી હતી. સ્વોટ ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી હતી તેમજ ત્રણ હેલીકોપ્ટર પણ પહોંચ્યા હતા. સ્ટોરના આગળની બારીનો કેટલોક ભાગ તૂટી ગયો હતો.૪

સુપરમાર્કેટમાંથી એક મહિલા તેના પુત્ર સાથે ખરીદી કરીને બહાર આવ્યા બાદ તેણે જણાવ્યું કે, ધડાકાનો અવાજ સાંભળવા મળ્યો હતો. પાર્કિંગમાં તેમજ સ્ટોર બહાર એક-એક શખ્સને ગોળી વાગતા તેમનું મોત થયું હતું. તેણે તેના દીકરાને નીચે ઝુકી જવા માટે જણાવ્યું હતું. સુપરમાર્કેટમાં ગોળીબાર થતાં અંદર નાસભાગ મચી ગઈ હતી. યુવાનો દ્વારા વૃદ્ધિ લોકોને ઝડપથી બહાર નિકળવામાં મદદ કરી રહ્યા હતા. અંદર ધાણીફૂટ ગોળીબાર થવા લાગ્યો હતો અને જોતજોતામાં ૧૦ લોકોનાં મોત થયા હતા.

# લોન મોરેટોરિયમ ગાળામાં બેન્કો ગ્રાહકો પાસેથી ચક્રવૃદ્ધિ વ્યાજ, પેનલ્ટી ન વસૂલે: સુપ્રીમ

ન્યુ દિલ્હી,તા.૨૩

સુપ્રીમ કોર્ટે લોકડાઉનના સમયગાળામાં બેક્રોને તેમના ગ્રાહકો પાસેથી લોન પરના ચક્રવૃદ્ધિ વ્યાજ અને પેનલ્ટી નહીં વસૂલવાનો નિર્દેશ કર્યો છે. જો બેક્રોએ છ માસના લોન મોરેટોરિયમ ગાળામાં આ પ્રકારનું વ્યાજ કે દંડ વસૂલ્યો હશે તો તેને પરત કરવા અથવા આગામી હપ્તામાં સરભર કરવા આદેશ કર્યો છે. બીજીતરફ લોન મોરેટોરિયમ પૉલિસીમાં દખલ આપવાનો સુપ્રીમ કોર્ટે ઈક્કાર કરી દીધો છે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, નાણાકીય નીતિઓનો મુદ્દો કેન્દ્ર સરકાર અને રિઝર્વ બેક્રના અધિકારક્ષેત્રમાં આવે છે. કોર્ટ આ મુદ્દે ન્યાયિક સમીક્ષા ના કરી શકે. આર્થિક નીતિ નિર્ણયો પર ન્યાયિક સમીક્ષાનો સિમિત દાયરો છે. કોર્ટ વ્યાપાર અને વાણિજ્ય કે શૈક્ષણિક મુદ્દાઓ પર દલીલ નહીં કરે. કઈ જાહેર નીતિ વધુ સારી છે તે કોર્ટ નક્કી ના કરી શકે. વધુ સારી યોજનાને લીધે કોઈ બીજી યોજનાને રદ કરી શકાય નહીં તેમ સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું. સુપ્રીમ કોર્ટે વધુમાં ઉમેર્યું કે આ ગાળામાં ઈએમઆઈ નહીં ભરવા પર પેનલ્ટી લગાવવામાં ના આવે, જો કોઈ બેક્રે પેનલ્ટી લગાવી હોય તો હવે પછીના ઈએમઆઈમાં તે સરભર કરી આપે. સરકાર અને આરબીઆઈ નિષ્ણાતોના મત મુજબ આર્થિક નીતિ ઘડે છે કોર્ટ પાસેથી આર્થિક નિષ્ણાત જેવી સલાહની અપેક્ષા ના રાખી શકાય. સુપ્રીમ કોર્ટના મતે તે આર્થિક નીતિમાં કેન્દ્રની સલાહકાર નથી. મહામારીથી સમગ્ર દેશ પ્રભાવિત થયો હતો અને કેન્દ્ર સરકારે આર્થિક પેકેજ જાહેર કર્યું હતું. સરકારને જાહેર આરોગ્ય, નોકરીઓ વગેરે બાબતોનું ધ્યાન રાખવું પડ્યું અને આર્થિક તંગી પણ ઉભી થઈ હતી. લોકડાઉનને લીધે ટેક્સની આવક ગુમાવ્યા છતાં આર્થિક રાહતની માટે કેન્દ્ર કે આરબીઆઈને ફરજ પાડી શકાય નહીં. સુપ્રીમ કોર્ટમાં મોરેટોરિયમનો ગાળો લંબાવવા અને વ્યાજનું વ્યાજ માફ કરવા માટે દાખલ કરાયેલી અરજી પર સુનાવણી થઈ હતી. આ ઉપરાંત પાવર સેક્ટર, રિયલ એસ્ટેટ તેમજ અન્ય સેક્ટરોમાં પણ આ યોજના લાગુ કરવા માંગ કરવામાં આવી હતી.

# ભૂલો ભૂલી એકબીજાને સમર્પિત રહો




સરવાળે સંબંધ
મેધા પંડ્યા ભટ્ટ
medha.pandya@gmail.com



લગ્ન બે વ્યક્તિના મન અને તનથી જોડાયો સંબંધ છે, પણ જ્યારે મન પહેલા કોઈની સાથે મળી ગયું હોય અને પછી જીવન કોઇ બીજાની સાથે જીવવાની સ્થિતિ ઊભી થાય, ત્યારે ખૂબ વિચિત્ર પરિસ્થિતી ઊભી થતી હોય છે. મોટાભાગે યુવતીઓ સાથે આ બાબત વધારે પ્રમાણમાં બનતી જોવા મળે છે. મન ક્યાંક બીજે મળેલું હોય અને લગ્ન કોઈ બીજા સાથે થઈ જતા હોય. તેવામાં મનને મજબૂત તો કરવું જ પડે છે પણ સાથે જ જે વ્યક્તિ સાથે હવે જીવન જીવવાનું છે, તેની સાથે કઈ રીતે ધીમે ધીમે જીવન પસાર કરવું અને પ્રેમથી આ સંબંધને જોડી રાખવો તે પણ યુવતીના મક્કમ મનની વાત છે. નવપરિણીતા ક્યારેક એવું વિચારતી હોય છે કે પ્રેમી વધુ પ્રેમ કરે છે. આ વિચાર આધાર વિનાનો છે. પ્રેમી મોટાભાગે પ્રેમિકાનો પ્રેમ, વિશ્વાસ અને તન મેળવવાની ઈચ્છા રાખતો હોય છે અને જાતજાતની પ્રેમની વાતો કરે છે. જેમાં શારીરિક સંબંધ લગ્ન પહેલાં થઈ ગયો હોય,તો તેને કાયમ રાખવા માટે ભાવુક વાતો કરે છે. જેને કારણે પ્રેમિકા લાગણીના પ્રવાહમાં ઘસડાઈને તાબે થઈ જાય છે.લગ્ન પછી પણ પ્રેમી સાથે સંબંધ જાળવી રાખવો એવાત આપણો સમાજ ક્યારેય સ્વીકારતો નથી. કહેવત છે ને કે 'પાપ છાપરે ચડીને પોકારે છે.' એ કદી છૂપું રહેતું નથી. જો આની સહેજ ગંધ સાસરામાં અથવા પતિને આવશે તો કુટુંબ પર આભ તૂટી પડવાની શક્યતા રહે છે. સાથોસાથ માબાપની સ્થિતિ શરમજનક બની રહેછે. પ્રેમી-પ્રેમિકા થોડા સમય માટે મળે છે અને એ ક્ષણો અમર અને ખુશહાલ બનાવવા માટે પ્રયાસ કરે છે. એકબીજા સામે સારા બતાવવાની હોડ ચાલે છે. એટલે એવું વિચારવું કે પ્રેમી પતિથી સારો હોય એ વાતમાં દમ નથી કારણ કે પતિ સમક્ષ તમે ખુલ્લી કિતાબ જેવાં છો તથા તમારી પ્રત્યેક ગતિવિધિ, સારા-નરસા અને ઊણપની તેને જાણ છે. પરિણામે બંનેમાં અંતર તો હશે જ. એટલે પતિના વ્યવહારથી પરેશાન થવાની જરૂર નથી.

પતિ પાસે એટલો સમય પણ નથી હોતો કે તે તમારી સામે બેસીને મીઠી મધુરી વાતો કરે અથવા તમારા વાળમાં આંગળી ફેરવી ચાંદતારા લાવી દેવાનો પ્રેમાલાપ કરે. દરેક પળનો સાથી પતિ જ છે, તો આ વાતને મનમાં બાંધી લેવી જોઈએ. તે તમારી સાથે કાલ્પનિક નહીં પણ વાસ્તવિક જીવન જીવે છે. જીવનના સુખદુખમાં તે તમારી સાથે હશે, જ્યારે પ્રેમી તમને મુશ્કેલીમાં મૂકીને ભાગી પણ શકે છે.

સુખી દામ્પત્ય માટે પ્રેમની આપ-લે અને પ્રદર્શન જરૂરી બની ગયું છે. પતિ જો પત્નીની ભાવના અને આનંદને સમજે છે અને પ્રેમ દર્શાવે છે તો આ દામ્પત્ય સંબંધ પ્રેમમય, ઉષ્માભર્યો અને સરસતાથી ભરાઈ જશે અને પત્ની જાતે પતિમાં પોતાના પ્રેમીને મેળવી લેશે. પત્નીઓ હંમેશાં પ્રેમ અને ભાવનાઓને શારીરિક સંબંધો કરતાં વધુ મહત્વ આપે છે.

તુલના કરનારી પત્ની માટે એ અગત્યનું છે, કે જે ટેવ, વ્યવહાર વગેરે પ્રેમીમાં પસંદ કરે છે તે તેણે જાતે સંયમ અને પ્રેમપૂર્વક પતિમાં જગાડવાનો પ્રયાસ કરવો જોઈએ. પ્રેમી પાછળ ભાગવું જોઈએ નહીં. જો પ્રેમી પરિણીત હોય તો તેના સંસાર પર પણ સંકટ આવી પડે તેવી શક્યતા રહે છે. શારીરિક સુખ અને સંતોષનો સીધો સંબંધ મન અને સંવેદના સાથે હોય છે. જો તમે કોઈને મનથી ચાહો છો, તો એઆભાસી ખામીને દૂર કરવાનો પ્રયાસ કરો. મન ઘરમાં પરોવાઈ રહે એ રીતે અનુકૂળ બનાવો. આ તમારો અંગત મામલો છે.

નવા સંબંધીઓનું સન્માન કરતા શીખવું જોઈએ. જ્યાં સુધી પતિ દ્વારા પત્નીના સંબંધીઓને સન્માન આપવાની વાત છે, તો તે વિશે પતિને પ્રેમથી સમજાવશો કે લગ્ન એ બે કુટુંબનું મિલન છે. એમને સમજાવો કે જે રીતે હું તમારાં માતાપિતા અને સંબંધીઓને સન્માન આપું છું, પોતાના માનીને સત્કાર કરું છું; તો તમે પણ મારા સંબંધીઓને યોગ્ય સત્કાર કરી પ્રેમ આપો. કામની સાથે પતિની એ ફરજ છે, કે તે ઘરમાં પણ પત્નીને સાથ સહકાર આપે. જો મા અને પત્ની વચ્ચે ખેંચાતાણી ચાલતી હોય તો પતિએ બંનેને શાંતિથી સમજાવવા જોઈએ. પત્ની તમારી અર્ધાંગિની બની ચૂકી છે એટલે ઘરનાં મહત્વના નિર્ણયો લેતી વખતે માની સાથે પત્નીની પણ સલાહ લેવી જોઈએ. જો પતિ કોઈ ગેરસમજના દબાણમાં હોય તો પત્નીએ વસ્તુસ્થિતિ સમજીને ક્લેશ ન કરતાં ક્લેશને રોકી દેવો જોઈએ. તેથી લગ્નની સફળતા અને દામ્પત્ય સુખની પરિકલ્પના ત્યારે જ પૂરી થઈ શકે છે જ્યારે પત્ની ભૂતકાળને ભુલી પૂર્ણરૂપે પતિને સમર્પિત રહે. પોતાની અસ્મિતા, વિવેક, સહચાર અને મર્યાદાને ધ્યાનમાં રાખી પતિને માત્ર તનથી નહી પરંતુ મનથી પણ સમર્પિત રહે.

# બાટવા નગરપાલિકા દ્વારા મિલકત વેરો ભરવામાં આનાકાની કરતા આસામીઓ સામે કરી લાલા આંખ



બાટવા નગરપાલિકા દ્વારા મિલકત વેરો ન ભરતા લોકો સામે આકરી કાર્યવાહી કરી દુકાનો તેમજ મકાનોને સીલ કરવાની તૈયારી રૂપે જેટલા આસામીઓને દિવસ ૩ માં બાકી વેરા ભરી જવા આખરી નોટિસ આપી જાણ કરતાં સમગ્ર બાટવા શહેરના લોકોમાં ફફડાટ ફેલાયો છે આ બાબતે બાટવા નગરપાલિકાના ચીફ ઓફિસર એમ.એમ. વાઘેલાએ જણાવ્યું હતું કે શહેરના વિકાસ તેમજ અન્ય જરૂરી સવલતો પૂરી પાડવા એકમાત્ર વેરો અને ભાડાની રકમ પર આધાર રહેલો છે નગરજનો સ્વૈચ્છિક વેરો ભરપાઇ કરતા ન હોવાને કારણે નગરપાલિકા અધિનિયમ મુજબ કાર્યવાહી કરવાની ફરજ પડે છે જાહેર જનતાએ પોતાની ફરજના ભાગરૂપે તમામ કરવેરા ભરપાઇ કરવા જોઈએ તેમજ નગરપાલિકાના સ્ટાફ દ્વારા આખરી નોટિસ આપવામાં આવી છે છતાં પણ વેરો ન ભરે તેવા લોકો સામે કડક કાર્યવાહી કરી મકાન તથા દુકાનો સીલ કરવામાં આવશે અને આગળ પણ મકાનો તથા દુકાનો સીલ કરવાની કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે તેવું ચીફ ઓફિસર જણાવ્યું હતું.બાટવા નગરપાલિકાની કડક કાર્યવાહીથી મિલકત વેરો ભરવામાં ઠાગાઠૈયા કરતાં લોકોમાં ફફડાટ ફેલાયો હતો

તસવીર - અહેવાલ-જીગ્નેશ પટેલ માણાવદર

# ICDS અરવલ્લીએ ૯૭૫૭ દીકરીઓને આંગણવાડીમાં સરગવાનો જ્યુસ આપી નિરોગી બનાવવા પ્રયાસ હાથધાર્યો



અરવલ્લી બ્યુરો મોડાસા

હાલ કોરોનાનું સંક્રમણ સતત વધી રહ્યું છે ત્યારે સરકાર આયુર્વેદીક ઉપચાર કોરોના સામે લડવા મહત્વ સાબીત થઇ રહ્યો હોવાનું અનેકવાર કહી ચુકી છે આયુર્વેદમાં સરગવાને વિવિધ સારવાર માટે અકસીર ગણવામાં આવે છે સરગવાનાં પાન અને સરગવાની શીંગ ગર્ભવતી મહીલાઓ, સ્તનપાન કરાવતી મહીલાઓ, મેનોપોઝ ચાલતો હોય તેવી મહીલાઓ માટે અક્સીર છે તેમજ તેના ઉપયોગથી જાતજાતનાં બેક્ટેરીયલ અને વાઈરલ ઈન્ફેક્શન સામે એ રક્ષણ આપે છે જેને કારણે ડેન્ગ્યુ , મલેરીયા, ચીકનગુનીયા કે સ્વાઈન ફ્લુ જેવા રોગોથી બચી શકાય છે. અરવલ્લી આઈસીડીએસ વિભાગ દ્વારા જીલ્લાની આંગણવાડીમાં દીકરીઓ અને સગર્ભ મહિલાઓ માટે સરગવાનો જ્યુસ આપી નિરોગી બનાવવા પ્રયાસ હાથધર્યો છે અરવલ્લી જીલ્લા આઈસીડીએસ વિભાગ દ્વારા પોષણ પખવાડિયા અંતર્ગત સરગવાના જ્યુસ નું નિદર્શન અને વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ જિલ્લાની દરેક આંગણવાડી પર સરગવાનું જ્યુસ બનાવીને દીકરીઓને પીવડાવવામાં આવ્યુ હતુ જીલ્લાની આશરે ૯૭૫૭ દીકરીઓએ સરગવાના જ્યુસનો લાભ લીધો હતો આઈસીડીએસ વિભાગ દ્વારા સરગવાનું મહત્વ પણ સમજાવ્યું હતું અને ઘર આગળ એક સરગવાનું ઝાડ વાવવા પણ માર્ગદર્શન આપ્યું હતું

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ







ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની આજે ૮ પદ્ય રચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવે છે
વિષય : વિશ્વ કવિતા દિવસ
www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
રચના ચેક કરનાર : જયશ્રીબેન પટેલ
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews.com

NOG SS 092
પ્રકારઃ-પદ્ય
શીર્ષકઃ-કવિતા.
"હૃદયનાં અંતરંગ ભાવોમાંથી થતું સર્જન.
મનની વાટિકામાં વિચારોનાં ભ્રમરનું ગુંજન.
ઊર્મિઓનાં નિતાંત વેગમાંથી ઊભરેલું કલ્પનાઓનું સ્પંદન.
મારાં જ શબ્દોની રચનામાંથી કરાયેલું મારું જ વિસર્જન.
અંતરના ઊંડાણેથી નીકળેલા અવાજ દ્વારા વાંચકોનું મનોરંજન.
પોતાનાં જ આસુંઓમાં પોતાની કલમ ડૂબાડીને ય કરાતું કુંજન.
મારાંમાં વિરાજમાન ભાવસૃષ્ટિનું વિશ્વને દર્શન."
અલકા મહેતા,ગાંધીનગર.

NOG SS No : 0019
વિષય...કવિ દિવસ નિમિત્તે રચના
શીર્ષક...
કવિ એ છે સંવેદનાની નજીકનો જીવ,
છે હૃદય એનું લાગણી સભર,
વ્યથા વ્યક્ત કરે એ શબ્દનાં સથવારે!!
બંધ કલમની તાકાતથી દુનિયાની ઉઘાડે આંખો,
એક લીટીની વાતમાં વર્ષોનો સાર બતાવતો!
એને તો છે શબ્દ સાથે જ રાત દિવસનો નાતો,
કલમ, પુસ્તક એની પાંખો!!
કવિત્વ વગરની સૃષ્ટિ નકામી,,
કલ્પનાની દુનિયા વગરનો કવિ નકામો!!
પળમાં કરે એ સર્જન, કરે પળમાં એ વિસર્જન,
આભમાં પૂરે એ રંગો,
લખે શબ્દને રેતીમાં,
કવિ સદાય રહે વિચરતો, એનાં કલ્પિત વિશ્વમાં સ્થાન કોઈને ન આપતો!
શબ્દોથી એ હૈયાને વાચા આપતો,
જડને પણ એ ચેતનમાં લાવી જાણતો!
કલ્પના ત્રિવેદી ,સુરેન્દ્રનગર
----------------------------------------

NOG SS No : 0082
પ્રકારઃ પદ્ય
શીર્ષકઃ કવિતા
સુંદર કલ્પનામાં ભાવની સરિતા એટલે કવિતા,
ઊર્મિઓનાં સિંચન અને મૃદુતા
એટલે રસ વિભોર કવિતા,
આંખોમાં ટપકતા સ્નેહની
રસધારા એટલે કવિતા,
ચંદ્ર જેવા નિર્મળ શબ્દોનો
ખજાનો એટલે કવિતા,
કોયલનો ટહુકો ટહુકી ગરજે
એનું નામ કાવ્ય સરિતા,
ભ્રમરની ગુંજ શહનાઈ બને
એનું નામ કવિતા,
ખળ ખળ વહેતા જળમાં
માછલી દોડે તે કવિતા,
વસંતમાં સૂકા પાંદડા ઝાડ પર
ધ્રૂજે એ સુંદર કવિતા,
દિલનાં ઉમંગને શબ્દોમાં કોરી
દિલરૂબા બને એ કવિતા.
ડો અનિરુદ્ધ વ્યાસ નડિયાદ
----------------------------------------

NOG SS NO - 0026
વિભાગ- પદ્ય
શબ્દ - કવિતા
એક મૌલિક રચના.
શીર્ષક- રહી છું.
કવિતામાં શબ્દો સજાવી રહી છું.
હું રણમાં જો, મૃગજળ સજાવી રહી છું.
કવિતા કહું લાગણીઓ સભર હું,
છતાં તર્કો પાછાં ચલાવી રહી છું.
કવિતાની રુપે મેં જલાવી મશાલો,
અસમંજસની વાટો બુઝાવી રહી છું.
કવિતા એ મારીજ સ્વપ્નોની દુનિયા,
ધરા પર ગગન, ચાંદ લાવી રહી છું.
અંજના ગાંધી "મૌનું" ,વડોદરા
----------------------------------------

NOG SS No :; 0089
પ્રકાર : પદ્ય
શીર્ષક :‘કવિતા સ્વયંમલ્ર
અણદેખ્યાં ક્યાંથી કરશું મીઠાં માઠાં નખરાં,
અલકમલકના રંગબેરંગી પંછી માળે સરખાં,
મીઠાંમધ ગાલ રૂપાળાં આ તે કેવા ગળપણ,
હા..હા મસ્તી-ધમપછાડાં તો ય રૂડાં સગપણ,
પાણી પાણી નેહ ભીંજવે ભીના ભીના વળગણ,
છોડ માંગે પરવરીશ, વટવ?ક્ષ બને છે બચપણ,
ભાગે પગેરું પકડાપકડી, પાણી પાણી ઘડપણ,
યાદ ઝંખે ચશ્મીશ આંખ્યું ,કરવાનું હવે પર્યુષણ,
પેનપાટી લૈ પતંગિયા ઉડ્યાં સ્કૂલ છોડી બાળપણ,
મ્યુઝિકલ ચેરથી મોહિત ને ખો-ખો લાવે કળતર,
ગભરાઈ ડૂબકીએ ગભરું હાસ્ય, કરે પાણીમાં ચડતર,
ડૂસકાં ડૂમાં હોશ રિસામણાં , તુજ શરણનું જ ઘડતર,
ગા,ગા, લ,લ,ગા છૂટે વ્યાકરણ સંખ્યા રમે સંતાકૂકડી,
કુસ્તી કરી પાછળ કબ્બડી , હાંફી રમતી બારખડી,
અ આ ઇ ઈ ઓ ઔ અં અઃ ઉભી આડી અવળી,
શ્લોક પધ્ધતિ ગોખે આંકડા, બ્રહ્માંડ ગુગલે વળી,
સ્વયં અસ્તર સ્વયં નસ્તર ભાગતું સતત બચપણ,
સ્વયં બપ્સર સ્વયં તત્પર, તેથી રહેતું બચપણ.
રેખા શુક્લ.અમેરિકા

NOG SS No : 0077
વિભાગઃપદ્ય મૌલિક
વિષયઃ૨૧ માર્ચ, વિશ્વ કવિતા દિવસ
શીર્ષકઃવિશ્વ,એક કવિતા
કવિતા સાહિત્યનો
સૌથી લોકપ્રિય પ્રકાર,
વિશ્વમાં પણ અલગ
અલગ ભાષાએ કવિતાનો એકાકાર...!
નવયુગનાં નૂતન આયામો થકી ચાલતો જમાનો,
વિશ્વ તણી સંસ્કૃતિથી વણાતો જમાનો...!
કવિતા સ્વદેશની સંસ્કૃતિનું કરતી વર્ણન,
કવિતા થકી જ વૈશ્વિકરણનું
નવલું દર્પણ ....!
કવિતાની હોય કોઈ પણ ભાષા,
વિશ્વમાં સર્વને સ્વીકૃત,
સ્વિડન હોય કે હોય નાસા...!
વિશ્વતણી ધરતી
કવિતા થકી
ખુમારી ધરી,
હવે તો ઈન્ટરનેટ ને ઈ -કવિતાએ ભારે કરી...!
કવિતા વિશ્વતણી ગમે તે ભાષા,ગમે તે દેશે,
એ જ લહેજત,એ જ ઈજ્જતે શોભે...!
કવિતા એ કવિઓનો પ્રાણવાયું,
વિશ્વનાં કવિઓએ ગાયું,
ને એમના થકી કવિતામય વિશ્વ રચાયું...!
વિવિધતામાં સુંદરતા વધારતી વૈશ્વિક કવિતા....!
કવિતા જ વિશ્વની ઉદ્ભવિત લાગણીઓનું ભાષાંતર,
એના થકી દેશાટનનું કમ થઈ જતું અંતર...!
માટે જ કવિતાનું એક અનોખું વિશ્વ હોય છે ,
ને ક્યારેક,
વિશ્વ જ એક કવિતા હોય છે...!
ઋતંભરા વિશ્વજીત,ઋત્વિશ્વ,આણંદ.
----------------------------------------

NOG SS No : 0079
શીર્ષક : તું અને હું
પ્રકાર પદ્ય
તું મુજમાં છે હું તુજમાં છું!
તું અને હું ભિન્ન નથી
તને મળવાને તને પામવાને
આથી સરળ મંઝિલ નથી ,
તારા વિના હું ગાયબ છું
મારા વિના તું સ્થિર નથી
તુજમાં મુજમાં કોઈ ભેદ નથી !
અસ્તિત્વનું આવરણ નથી
તારી ઉન્નતિ મારી પ્રગતિ
હર કદમ ઉપર મુસ્તાક બની.
તારે સથવારે મારે સહારે
ફૂલવાડી જીવનની હરીભરી
તું વ્યાપક છે હું સિમિત છું
ચૈતન્ય રૂપે બ્રહ્માંડ મહી
‘ગીતાજીમાં કૃષ્ણએ સાક્ષી પૂરી
યુગ યુગથી વેદ આલેખી રહ્યું !
તું શાશ્વત છે હું નાશવંત છું
તારું મારું ઐક્ય અનુપમ છે,
આપણા બન્નેની જુગલ જોડીનું ,
ધરતી પર કોઈ મોલ નથી ,
દેહ બની હું વિચરું છું !
આતમ બની તું ઘર મહીં,
સુખમાં દુખમાં સહભાગિ બની,
ઈશ્વરની ખોજ છે જારી રહી.
પ્રવિણા કડકિઆ.હ્યુસ્ટન.અમેરિકા
----------------------------------------

NOG SS No -0091
પ્રકારઃ પદ્ય
વિષયઃ કવિતા
સંવાદોને વાચા આપી લખાય છે કવિતા.
શબ્દોની એક હાર બનાવી લખાય કવિતા.
યોગ્ય શબ્દ ને યોગ્ય ભાવથી લખાય કવિતા.
હાસ્ય વ્યંગ ને સૌંદર્યથી કમાલ કરે કવિતા.
પ્રસંગો એવાં હોય ત્યારે ધમાલ કરે કવિતા.
નથી લખાતી આડેધડ મહેનત જોઈએ ખરી.
વિષયને પારખવાની આવડત જોઈએ ઘણી.
લખતાં સંબંધો ન બગડે તે તકેદારી ખરી.
સુખમાં સુખી દુઃખમાં દુઃખી કલમ ચાલે અહીં.
કવિનાં વિચારોની ઝલક કરાવે અહીં.
કુદરતની સુંદરતા ને પ્રેમની પરિભાષા.
માનવીની માનવતા ને મુક પશુની આશા.
દુનિયાની કરુણતા ને સમયની એકલતા.
નીત નવાં પ્રસંગોની બને ગજબ કવિતા.
આંખો બંધ કરીને વિચારોમાં જાય સરી.
પવનનાં સૂસવાટા વેગે કલમ જાય સરી.
કવિની કવિતા બને, લેખકોનાં લેખ.
દુનિયાની હકીકતોથી કરે છે વાકેફ.
જિજ્ઞાસા યુ જોષી, “ શુક”

# અરવલ્લીમાં હોળી-ધૂળેટી તહેવારને લઈને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી પ્રતિબંધિક હુકમો જાહેર કરાયા

મોડાસા- મંગળવાર,

આગામી સમયમાં હિન્દુ ધર્મના હોળી-ધૂળેટીના તહેવારને ધ્યાને લેતાં જિલ્લામાં કાયદો વ્યવસ્થા જળવાય તે માટે તા. ૨૩ માર્ચ - ૨૦૨૧ના ૦૦-૦૦ કલાક થી તા. ૦૬ એપ્રિલ- ૨૦૨૧ના ૨૪-૦૦ કલાક સુધી સમગ્ર જિલ્લામાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ .આર.જે. વલવી અરવલ્લી જિલ્લા, મોડાસાને ગુજરાત પોલીસ અધિનિયમની કલમ- ૩૭ (૧) થી મળેલ સત્તાની રુએ પ્રતિબંધિક મનાઇ હુકમો જાહેર કરાયા છે.

જેમાં શારીરીક ઇજા પહોચાડવા અંગે ઉપયોગમાં લઇ શકે તેવા શસ્ત્રો જેવાકે દંડા, તલવાર, ભાલા,સોટા,બંદુક, ચપ્પું, લાકડી કે લાઠી કે તેવી બીજી કોઇ વસ્તુઓ લઇ જવા અંગે અથવા સાથે લઇને ફરવુ નહી, કોઇ જલદી સળગી ઉઠે તેવી વસ્તુઓ સ્ફોટક પદાર્થો લઇ જવા-ફરવા નહી,પથ્થરો કે બીજા હથીયારો ફેકવા કે નાંખવાના યંત્રો કે સાધનો લઇ જવા કે તૈયાર કરવા નહી, સળગતી કે પેટાવેલી મશાલ સરઘસમાં લઇ જવી નહી, વ્યકિતઓ અથવા તેના તેના શબ, આકૃતિઓ કે આકાર અથવા પુતળા દેખાડવા નહી, લોકોએ બુમ પાડવા, ગીતો ગાવા કે વાધ્ય વગાડવા નહી, અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવા નહી કે જેનાથી સુરૂચિ અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા હાવભાવ તથા ચેષ્ટા કરવાનુ તથા પત્રો, પત્રિકાઓ, પ્લેકાર્ડો, ચિત્રો, નિશાનીઓ દેખાડવાનું અથવા ફેલાવો કરવવાનુ કે સાથે રાખીને ફરવુ નહી.

જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી, અથવા અધિકૃત કરેલા કોઇપણ અધિકારીશ્રીઓ, શારીરિક અશકિતના કારણે લાકડી કે લાઠી રાખતા વૃધ્ધ વ્યકિત તથા હથિયારના પરવાના ધારકો હથિયાર પ્રદર્શિત ન થાય તેમ ધારણ કરનાર, સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરની અધિકારીએ હથિયાર લઇ જવાનુ ફરમાવ્યુ હોય અથવા આવુ કોઇ હથિયાર ફરજ ઉપર સાથે રાખવાનુ આવશ્યક હોય, કોઇ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેનામામાં ઉલ્લેખ કરેલ તે પૈકીના હથિયાર ધાર્મિક રીવાજોને અનેરૂપ ઉપયોગ કરવા માટે અને જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તે વિસ્તારના સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીએ અગાઉથી લેખીતમાં મંજૂરી આપી હોય તેવી સંસ્થા કે વ્યકિતઓ, ખેતીના કામે ઓજારો લઇ જતા ખેડૂતો, સરકારશ્રીના સરકારી કાર્યક્રમમાં અધિકૃત વ્યકિતઓ, કોઇ પણ અંતિમયાત્રાને, લગ્નના વરઘોડામાં વરરાજાને લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લઘન કરનાર અથવા કરાવનાર શખ્સ

ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૩) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ અને વધુમાં વધુ એક વર્ષની સજા થઇ દંડને પાત્ર થશે તેમજ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ના ૪૫ મા અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

# સ્વામી વિવેકાનંદ યુવા બોર્ડ દ્વારા શહીદ દિનની સમગ્ર જિલ્લામાં ઉજવણી કરાઇ



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

યુવાનોમાં રાષ્ટ્ર પ્રેના ગુણો કેળવાય તે માટે સ્વામી વિવેકાનંદ મંડળ દ્વારા વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આજે તા. ૨૩ માર્ચ, શહીદ દિનની ઉજવણી પ્રસંગે સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડના જિલ્લા સંયોજકશ્રી ગૌરાંગભાઈ પાધ્યા અને તેમની ટીમ દ્વારા બનાસકાંઠા જિલ્લાના ૧૪ સ્થળો પર શહીદ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પાલનપુર ખાતે સુભાષચંદ્ર બોઝ, દાંતામાં ચંદ્રશેખર આઝાદ, ડીસામાં વીર ભગતસિંહજી જેવા અનેક વીર શહીદોને યાદ કરી તેમની પ્રતિમાની સાફસફાઈ કરી પુષ્પાંજલી અર્પણ કરવામાં આવી હતી. વિવિધ સ્થળોએ કરાયેલ ઉજવણી પ્રસંગોમાં પ્રદેશ કિસાન મોરચાના મહામંત્રીશ્રી ફલજીભાઈ ચૌધરી, પાલનપુર નગરપાલિકા પ્રમુખ શ્રીમતી હેતલબેન રાવલ, અગ્રણીશ્રી હિતેશભાઈ ચૌધરી, ડીસા નગરપાલિકા પ્રમુખશ્રી રાજુભાઈ ઠક્કર, ઉપપ્રમુખશ્રી, કારોબારી ચેરમેનશ્રી, અનુસૂચિત જાતિ મોર્ચાના પ્રમુખશ્રી ભરતભાઈ પરમાર, યુવા મોર્ચાના પ્રમુખશ્રી અશોકભાઈ પટેલ, તાલુકા પંચાયતના સદસ્યો અને સ્વામી વિવેકાનંદ મંડળના પ્રમુખ અને મંત્રીઓ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. સમગ્ર પ્રોગામને સફળ બનાવવામાં તાલુકા અને નગરપાલિકાના તમામ સંયોજકોએ ખુબ જહેમત ઉઠાવી હતી.

## અરવલ્લી શ્રમ અધિકારી ખુદ ફરિયાદી બન્યા

# અરવલ્લીમાં ગરીબ બાળકો પાસે ઘેટાં-બકરા ચરાવતા વધુ બે માલધારી સામે પોલીસ ફરિયાદ



અરવલ્લી બ્યુરો મોડાસા

૪ માર્ચના રોજ સમગ્ર રાજ્યમાં ચકચાર મચાવનાર ઘટના સામે આવી હતી જેમાં અરવલ્લી જીલ્લાના એક ગરીબ પરિવારે ૭ હજાર રૂપિયા માટે તેમના ૧૨ વર્ષના બાળકને ખંભીસર નજીક પડાવ નાખનાર માલધારી પરિવારના ત્યાં ગીરવે મૂક્યું હોવાનો પર્દાફાશ અગમ ફાઉન્ડેશનના હેતલ બેન પડ્યાએ કરતા સમગ્ર રાજ્યમાં ચકચાર મચાવી હતી જીલ્લા બાળ સુરક્ષા અને શ્રમ વિભાગ દોડતું થયું હતું અને આખરે માલધારી પરિવાર સામે ફરિયાદ નોંધાઈ હતી બાળક ગીરવે મુકવાની ઘટના બહાર આવ્યા બાદ ગ સમાચાર પત્રોમાં અરવલ્લી જીલ્લામાં ગરીબ પરિવારને મામૂલી રકમ આપી બાળકો પાસે મજૂરી કરાવવાનું સુનિયોજીત રેકેટ ચાલતું હોવાના સમાચાર પ્રસિદ્ધ થયા હતા અરવલ્લી જીલ્લા બાળ સુરક્ષા અને શ્રમ વિભાગ દોડતું થયું હતું બાળ સુરક્ષા એકમે મોડાસાના કોલીખડ અને આલમપૂર ગામ નજીક રહેતા બે માલધારી પરિવાર ગરીબ બાળકો પાસે ઘેટાં-બકરા ચરાવવાની મજૂરી કરતા હોવાની બાતમી મળતા તાબડતોડ ત્રાટકી બંને શ્રમિક બાળકોને છોડાવી બંને માલધારી સામે ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવી હતી

મોડાસાના કોલીખડ ગામ નજીક રહેતા પોપટભાઈ નાથાભાઈ ભરવાડ અને આલમપુર ગામ નજીક રહેતા હીરાભાઈ નાગજી ભાઈ ભારવાડ નામમાં માલધારી પરિવારને ત્યાં બે બાળ શ્રમિક પાસે ઘેટાં બકરા ચરાવવાની મજૂરી કરવાવમાં આવતી હોવાની માહિતી બાળ સુરક્ષા અને શ્રમ વિભાગને થતા રેડ કરી પોપટભાઈ ભરવાડના ડેલામાંથી પાવાગઢ દેવરિયાના ૧૨ વર્ષના અને આલમપુરના હીરાભાઈ ભરવાડના ડેલા પરથી મહીસાગર જીલ્લાના ચકલીયા ગામના ૧૪ વર્ષના બાળકો મળી આવતા તેમની પૂછપરછ કરતા તેમની પાસે ઘેટાં-બકરા ચરાવવાની મજૂરી કરાવવામાં આવતી હોવાનું જણાવતા તંત્રએ બંને બાળ શ્રમિકોને છોડાવી ચિલ્ડ્રન હોમ ખાતે મોકલી આપવામાં આવ્યા હતા

મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં બાલસુરક્ષા અધિકારી પ્રજ્ઞેશસિંહ ચાવડાએ પોપટભાઈ નાથાભાઈ ભરવાડ અને હીરાભાઈ નાગજીભાઈ ભરવાડ વિરુદ્ધ બાળ અને તરુણ શ્રમિક અધિનિયમ,૧૯૮૬ અન્વયે ફોજદારી કાર્યવાહી માટે મોડાસા ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધવામાં આવી છે.

## વિધાનસભાગૃહ કોંગ્રેસના ધારાસભ્યએ પુછેલા પ્રશ્નો વનમંત્રીએ આપ્યો જવાબ

# કેવડીયા જંગલ સફારી પાર્કમાં છેલ્લા બે વર્ષમાં ૪૫ પ્રાણીઓના મોત થયા: વનમંત્રી ગણપત વસાવા

રાજપીપળા, તા. ૨૩

હાલ ગાંધીનગરમાં વિધાનસભાનું સત્ર ચાલી રહ્યું છે જેમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ના જંગલમાં સફારી પાર્કમાં મૃત્યુ પામેલા પ્રાણીઓના પ્રશ્ને ચર્ચા થયો હતો. જેમાં વિધાનસભા ગૃહ કોંગ્રેસના ધારાસભ્ય અત્યાર સુધીમાં કેટલા પ્રાણીઓના મોત થયા છે. એવા પૂછેલા સવાલના જવાબમાં વનમંત્રીએ માહિતી આપી હતી.વનમંત્રીએ કહ્યું આ સફારી પાર્કમાં છેલ્લા ૨ વર્ષમાં ૪૫ પ્રાણીઓના મોત થયા હોવાની માહિતી આપી હતી. તેમને વિશેષ માહિતી આપતા જણાવ્યું કે સ્ટેચ્યુ ઓફ યુનિટી સફારી પાર્કમાં વિદેશી અને અન્ય રાજ્યોમાંથી પ્રાણીઓ લવાયા હતા. જેની પાછળ ૫.૩૯ કરોડ જેટલો ખર્ચ થયો હતો જો કે ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જંગલ સફારી પાર્કમાં રાખેલા ૪૫ પ્રાણીઓના મોત થયા છે. વિદેશથી લવાયા હોય તેવા પ્રાણીઓ છે જ્યારે વિવિધ રાજ્યોમાંથી લવાયેલા ૪૧ પ્રાણીઓ છે વિધાનસભાગૃહ કોંગ્રેસના ધારાસભ્ય પૂછેલા સવાલના જવાબમાં પણ મંત્રીએ આ માહિતી આપી હતી.

વિદેશી પ્રાણીઓમાં બે આલ્પાકા, બે લામાં અને એક વોલામીનું મોત થયું છે.જ્યારે વિવિધ રાજ્યોમાંથી લવાયેલા પ્રાણીઓમાં ૨૯ કોનુર્સ,એક લાલ ચટક મકાઉ, એક ઓરેન્જ વિંગડ એમેઝોન, એક બ્લુ ગોલ્ડ મકાઉ, ૩ ગોલ્ડ ફિસેન્ટ, એક લેડી એમહાર્ટફિસેન્ટ, બે બ્લુ ફિસેન્ટ, એક મામોસેટ, અને એક ટીગરેલલે મરણ નો સમાવેશ થાય છે. રાજ્ય સરકારે જણાવ્યું હતું કે એસઓયુના સફારી પાર્કમાં વિદેશથી એક જિરાફ,૩ ઝીબ્રા, ૩ વાઈલ્ડ બિસ્ટ, બે ઓરેટ, ૫ અલ્પાકા,૪. લામા,૪ વોબી વર્ષમાં લવાયા હતા. જ્યારે વિવિધ રાજ્યો માંથી ૫ ઓરેન્જ વિંગડ એમેઝોન, ૫ ગોલ્ડફીસેન્ટ,૫ સિલ્વર ફીસેન, બે ગ્રીન વિંગ મકાઉ, બે લાલ ચટાક મકાઉ લવાયા હતા. જોકે સરકારના આ નિવેદન પછી સરદાર પટેલ યુરોલોજિકલ પાર્ક કેવડીયા નિયામક ડો.આર રતન નાલા એ એક અખબારી યાદી દ્વારા ખુલાસો કર્યો છે તેમાં એમણે જણાવ્યું છે કે કેવડીયા જંગલ સફારી સરદાર પટેલ ઝૂલોજિકલ પાર્ક કેવડીયા ખાતે પ્રવાસીઓના આકર્ષણમાં વધારો કરવા તેમજ વિવિધ પ્રાણીપક્ષીઓથી માહિતગાર થઈ શકે તે હેતુથી દેશ-વિદેશથી વિવિધ પ્રાણી પક્ષીઓ લાવવામાં આવેલ. નવા લાવવામાં આવેલ વિવિધ પ્રાણી પક્ષીઓમાં વિભિન્ન કારણોસર અમુકના મૃત્યુ પણ થયેલા જેમાંથી મોટાભાગના ના પ્રાણી પક્ષીઓ હતા.આ પૈકી મોટાભાગના પ્રાણી પક્ષીઓના મૃત્યુ શરૂઆતના સમયમાં થયેલ જ્યારે પ્રાણી-પક્ષીએ સફારી પાર્કમાં લેવામાં આવેલ આ તમામ પ્રાણી પક્ષીઓના અત્રેના વાતાવરણ સાથે અનુકૂલન સાધી શકે તે માટે પુરતા પ્રયત્નો કરવામાં આવેલ. જેમાં અનુભવી તબીબની ટીમ સફારી પાર્કમાં રાખવામાં આવેલ પક્ષીઓ પ્રાણીઓ નું સતત અવલોકન કરે છે. અને પ્રાણી પક્ષીઓ નું સતત હેલ્થ મોનીટરીંગ કરે છે.અને આ પ્રયાસોથી જંગલ સફારી પાર્કમાં પક્ષીઓ એ વાતાવરણ સાથે અનુકુલન સાધી લીધું છે. અને જેના કારણે પ્રાણી પક્ષીઓ માં પ્રજનન પણ જોવા મળ્યું છે.પરિણામ સ્વરૂપે છેલ્લા બે વર્ષમાં ૧૦૦ જેટલા બચ્ચા નો જન્મ થયો છે. સરકાર તરફથી તમામ પ્રાણી પક્ષીઓની તબીબ અને વાતાવરણ અનુકૂળ થાય તે માટે પુરતા પ્રમાણમાં સુવિધા શરૂઆતથી જ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

રિપોર્ટ: જ્યોતિ જગતાપ,રાજપીપળા




## કોવિડ-૧૯ રસીકરણ અભિયાન હેઠળ

# બનાસકાંઠા જિલ્લામાં અત્યાર સુધી ૧.૫ લાખ લોકોએ કોરોના પ્રતિરોધક રસી મુકાવી સુરક્ષા સુનિશ્ચિત કરી

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત.



કોવિડ-૧૯ વૈશ્વિક મહામારીનું સંક્રમણ અટકાવવા તથા આ કોરોનાને દેશવટો આપવા કેન્દ્ર સરકારની ગાઈડલાઈન મુજબ રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વવાળી રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં રસીકરણ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. બનાસકાંઠા જિલ્લામાં કલેકટરશ્રી આનંદ પટેલની સુચના અને માર્ગદર્શન પ્રમાણે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા રસીકરણનું કાર્ય સુચારૂ રીતે થઈ રહ્યું છે. જિલ્લામાં અત્યાર સુધી ૧.૫ લાખ લોકોએ કોરોના પ્રતિરોધક રસી મુકાવી સુરક્ષા સુનિશ્ચિત કરી છે. કોરોના સામેની આ લડાઈમાં જિલ્લાના પ્રજાજનો જવાબદાર નાગરિક તરીકેની પોતાની ફરજ અદા કરી રહ્યાં છે. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા શરૂ કરવામાં આવેલ રસીકરણ કાર્યક્રમ અંતર્ગત ૬૦ વર્ષથી વધુ વયના ૯૧,૬૫૮ વરિષ્ઠ નાગરિકો અને ૪૫ ની ઉંમર વટાવેલા ૧૩,૩૩૭ નાગરિકોએ કોરોનાની રસી મુકાવી કોરોના સામેના જંગમાં સહભાગી બન્યા છે.

બનાસકાંઠા જિલ્લામાં કોરોના પ્રતિરોધક રસીકરણના પ્રથમ તબક્કામાં કોરોના વોરીયર્સને રસી આપવાનું આયોજન હતું. જેમાં ૧૯,૯૫૫ ના લક્ષ્યાંક સામે ૧૯,૩૦૪ કોરોના વોરીયર્સને તથા ૨૫,૯૪૩ના લક્ષ્યાંક સામે ૨૪,૪૧૭ લોકોને રસીનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો હતો. બીજા તબક્કામાં ૩૩,૩૫૭ લક્ષ્યાંક સામે ૨૫,૨૪૬ લોકોને રસીનો બીજો ડોઝ આપવામાં આવ્યો છે. કોવિડ-૧૯ના વાયરસના સંક્રમણનું સૌથી વધુ જોખમ છે એવા વરિષ્ઠ નાગરિકો અને કો-મોર્બિડિટી એટલે કે ગંભીર રોગો ધરાવતા નાગરિકોને સુરક્ષા પ્રદાન કરવા જિલ્લા વહિવટી તંત્ર દ્વારા વેક્સિનેશન ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે. આ ડ્રાઈવ અંતર્ગત તંત્રના ઉચ્ચ અધિકારીશ્રીઓ દ્વારા સામાજીક, ધાર્મિક અગ્રણીઓના સહયોગથી પ્રજાજનોમાં કોરોના પ્રતિરોધક રસી અંગે જાગૃતિ લાવી રસી લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે.

જિલ્લામાં રસીકરણ ઝુંબેશ અંતર્ગત વરિષ્ઠ નાગરિકોએ મોટા પ્રમાણમાં રસી લઈ કોરોનાની રસી સુરક્ષિત અને સલામત હોવાની અનુભૂતિ કરી સંદેશ આપ્યો છે. ખુબ જ ટૂંકા ગાળામાં મહત્તમ લોકો રસી લેવા માટે પ્રેરાયા છે ત્યારે રસી લેવાની બાકી હોય તેવા નાગરિકો પણ કોરોના પ્રતિરોધક રસી લઈ પોતાના પરિવાર અને સમાજ તથા રાષ્ટ્રણને કોરોના વાયરસથી સલામતે અને સુરક્ષિત રાખવા બનાસકાંઠા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા લોકોને અપીલ કરવામાં આવી છે.

## શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજ્યકક્ષા, સિદ્ધપુર તાલુકા દ્વારા

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં વિજેતા થયેલા બ્રહ્મ ઉમેદવારોનું તથા અસફળ ઉમેદવારોનો અભિવાદન કાર્યક્રમ યોજાયો



શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ , સિદ્ધપુર દ્વારા તા. ૨૧ માર્ચના રોજ નગર સેવા સદન ૨૦૨૧ ની ચૂંટણીમાં વિજેતા થયેલ ૧૦ બ્રહ્મ ઉમેદવારો તથા ઉમેદવારી નોંધાવેલ પરંતુ અસફળ થયેલા ૧૭ ઉમેદવારો એમ તમામ ૨૭ જેટલા ઉમેદવારોનો અભિવાદન સમારોહ આયોજિત કરવામાં આવ્યો. જેમાં વિજેતા ઉમેદવારોનો અભિવાદન પત્ર , સાલ અને પુષ્પગુચ્છથી તથા અન્ય ઉમેદવારીનું પુષ્પગુચ્છથી અભિવાદન કરવામાં આવ્યું.

આ ઉપરાંત નેશનેલ એવોર્ડ વિજેતા એકપાત્રી અભિનય માટે કુમારી શ્રુષ્ટિ મિતેશકુમાર ઠાકર તથા વાદન માટે ક્રિષ્ના સુમિતભાઈ પંડ્યા બંનેને પણ સન્માન પત્ર તેમજ શાલ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું.

સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ સિદ્ધપુર દ્વારા આયોજિત ચાર સંસ્કૃત સંભાષણ શિબિરનું સંચાલન કરનાર તેમજ સંગઠનના સલાહકાર સભ્ય આદરણીય શ્રીમતિ જહાનવિબેનનું પણ અભિવાદન કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં સામાજિક અગ્રણીઓ, રાજકીય અગ્રણીઓ, શ્રીસ્થળ ઔ.સ.બ્રાહ્મણ સેવા સંગઠન, મહિલા ઉત્કર્ષ મંડળ, સાહિત્ય સર્જન તેમજ અન્ય તમામ બ્રહ્મ સંગઠનના પ્રતિનિધિઓ, પત્રકાર મિત્રો તથા સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજના તમામ કારોબારી સભ્યો એ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

આ કાર્યક્રમમાં સહુ ઉપસ્થિત રહી કાર્યક્રમને દીપાવ્યો તેમજ અમને પ્રોત્સાહન પૂરું પાડવા બદલ અમે સહુનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. ભવિષ્યમાં પણ આ જ રીતે આપનો સાથ સહકાર મળશે તેવી અપેક્ષા સાથે...

# માણાવદર પોલીસની ચેકીગ ઝુંબેશમાં એક દિવસમાં ૪૪ કેસ અને ૨૫ હજારનો દંડ વસૂલાયો



માણાવદર વિસ્તારમાં કોરોનાને ફેલાતો અટકાવવા સ્થાનિક પોલીસ દ્વારા પીએસઆઈ પી.વી.ધોકડીયા ના માર્ગદર્શન હેઠળ વાહન ચેકીગ ડ્રાઈવ યોજાઈ જેમાં એક જ દિવસમાં વાહન ચેકીગ માં ૪૪ એન.સી.કેસો કરી ૨૪ હજાર ૮૦૦ નો દંડ વસૂલવામાં આવ્યો હતો.પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ વર્તમાન સમયે ગુજરાતમાં કોરોના એ ફરી દેખાડો દેતા લોકોના આરોગ્યની જાળવણી માટે સઘન ચેકીગ ઝુંબેશ ચલાવાઈ રહી છે.માણાવદર- વંથલી હાઈવે રોડ ઉપર પોલીસબેડાએ અડો જમાવી વાહન ચેકીગ હાથ ધરાયુ હતું હાઈવે રોડ ઉપર પસાર થતા વાહનો જેવા કે મોટા હોર્ન, હેલ્મેટ પહેર્યા વગરના, તથા ત્રિપલ સવારીવાળા ટુવ્હીલરો વગેરે પર પીએસઆઈ ધોકડીયા તથા ASI દેવરાજભાઈ કોડીયાતર, પો. કો ન્સ. એન.બી.કાનગડ,જયેશભાઈ સોયગામા, જીજ્ઞેશભાઈ રવૈયા,વિક્રમભાઈ ગરચર, રામદેભાઈ જોરા, શૈલેષભાઈ કંરગીયા તથા અશોકભાઈ વરૂ વગેરે દ્વારા સઘન ચેકીંગ ઝુંબેશ ચલાવી રહયા છે

રીપોર્ટર- જીગ્નેશ પટેલ માણાવદર

## ગ્રામજનોને પણ રસીકરણ માટે કરાયાં સમજૂત.

# કોવિડ-૧૯ વેક્શીનેશન સેન્ટરમાં રસીકરણના લાભાર્થીઓ સાથે વસાવાનો સીધો સંવાદ



રાજપીપલા,તા.૨૩

નર્મદા જિલ્લા પંચાયત પ્રમુખ પર્યુષાબેન એલ. વસાવાએ પ્રર્વતમાન વૈશ્વિક કોરોના મહામારીને અનુલક્ષીને કેન્દ્ર-રાજ્ય સરકારની માર્ગદર્શિકા મુજબ નર્મદા જિલ્લામાં હાલમાં આરોગ્યતંત્ર દ્વારા ૨૦૧ જેટલા વેક્સીનેશન કેન્દ્રો ખાતે હેલ્થવર્કર, ફ્રન્ટલાઈન વર્કર, ૪૫ થી ૫૯ વર્ષની વયના ગંભીર બિમારીવાળા કોં-મોર્બિડ દરદીઓ તેમજ ૬૦ વર્ષથી વધુની વયના સીનીયર સીટીઝન્સને કોરોના વિરોધી વેક્શીન આપવાની થઈ રહેલી કામગીરીનું નિરીક્ષણ કર્યુ હતું.

નર્મદા જિલ્લા પંચાયત પ્રમુખ પર્યુષાબેન વસાવાએ તાજેતરમાં દેડિયાપાડા તાલુકાના ગંગાપુર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને ડાભવણના પેટા આરોગ્ય કેન્દ્રની મુલાકાત લઈ આ આરોગ્ય કેન્દ્ર દ્વારા થઈ રહેલી પ્રજાકીય આરોગ્યલક્ષી- સુખાકારીની પ્રવૃત્તિઓ-સેવાઓ અંગે ફરજ પરના તબીબી અધિકારીઓ પાસેથી ઝીણવટભરી જાણકારી મેળવી હતી.

આ આરોગ્ય કેન્દ્રો ખાતે રસીકરણનો ડોઝ લેવા પધારેલ લાભાર્થીઓ સાથે પણ તેમને સીધો સંવાદ કરી આરોગ્ય વિષયક પૃચ્છા કરી તેમના ખબર-અંતર પૂછ્યાં હતાં.

જિલ્લા પંચાયત પ્રમુખ પર્યુષાબેન વસાવાએ ભારપૂર્વક અનુરોધ કરતા જણાવ્યું છે કે, કેન્દ્ર-રાજ્ય સરકારની કોવિડ-૧૯ રસીકરણની માર્ગદર્શિકા મુજબ અપાયેલ અગ્રતાક્રમ મુજબના લાભાર્થીઓને કોરોના વિરોધી રસીના ડોઝ માટે અપાયેલા પ્રિવીલેજનો સંબંધિતોએ અચૂક લાભ લઈને પોતે જાતે સુરક્ષિત થવાની સાથોસાથ તેમના સંપર્કમાં આવનાર લોકોને પણ કોરોનાના સંક્રમણથી સુરક્ષિત રાખી શકશે. આ રસી ખૂબજ ફાયદાકારક છે અને તેનાથી કોઈ આડઅસર થતી નથી. કોવિડ-૧૯ વેક્શીનેશનની રસી લીધા બાદ પણ માસ્ક પહેરવાં, વારંવાર હાથ ધોવા,સોશીયલ ડિસ્ટન્સ જાળવવાં અને સેનીટાઈઝેશન કરવાની ખાસ કાળજી રાખવા પણ તેમણે હૃદયસ્પર્શી અપીલ કરી છે.

રિપોર્ટ : દિપક જગતાપ, રાજપીપળા

# ૨૪૦ કાછીયા સમાજના ૪૫ વર્ષ થી ઉપરના મહિલા અને પુરૂષોએ વેકશીન લીધી




રાજપીપલા : ૨૩-

નર્મદા જિલ્લામાં કોરોના પોઝિટિવ કેસો નો આંકડો આખા વર્ષ દરમાન્ય માં ૨૦૧૪ પર પહોંચ્યો છે. ત્યારે રોજના ૧૨ થી ૧૫ કેશો પોઝિટિવ નીકળી રહ્યા છે. ત્યારે કોરોના વિરોધી વેક્સિન કેન્દ્ર વધારી સૌથી વધુ ૪૫ વર્ષથી મોટી ઉંમરના વૃદ્ધ અને ડાયાબિટીસ બીપીના રોગ વાળા વ્યક્તોઓ ને આવરી તેમને કોરોના વિરોધી રસી મુકાવવા માં આવી રહી છે. ત્યારે આ રસી કરણ માં કાછીયાવાડ સમાજ જોડાયો છે. કાછીયાવાડ જ્ઞાતિ સમાજ ના પ્રમુખ ધર્મેન્દ્ર કાછીયા મંત્રી હિતેશ કાછીયા સમાજના અગ્રણી મહેશ દલાલ ની ઉપસ્થિતિ માં સમાજ ના ૨૪૦ લોકો એ કોરોના સામે રક્ષણ માટે વેકશીન મુકાવી તેમનું કહેવું છે. કે ગત વર્ષે ૨૩ માર્ચ થી લોકડાઉન થયું ત્યારે બાદ કાછીયાવાડના અનેક અગ્રણી સાથે મળી ૫ મહિના માં કુલ ૩૦ થી વધુ લોકો કોરોના પોઝિટિવમાં મૃત્યુ પામ્યા ત્યારે સમાજમાં હાલ ફરી કોરોના એ માથું ઉચક્યુ છે જે માટે સમાજ ના અનેક લોકો દ્વારા સમાજમાં છેલ્લા ૫ દિવસથી એક ઝુંબેશ ઉઠાવી સમાજ માં ફરી કોરોના થી કોઈ લોકો ન મળે અને ગત વર્ષે મૃત્યુ પામેલ ને પણ એક શ્રદ્ધાજનલી ના ભાગ રૂપે ઘરેઘરે ફરી આજે સમાજ ના કેટલાય યુવાનો એ ટિમ બનાવી આજે કોરોના ની વેકશીન મુકાવી સમાજ માં એક જાગૃતિ નું પણ કામ કર્યું હતું. એવીરીતે જેમ કાછીયાવાડ જ્ઞાતિ સમાજે કે થઈ સમાજના તમામ વૃદ્ધ વ્યક્તિઓને રસી મુકાવી એવી રીતે તમામ સમાજ જાગે અને પોતાના સમાજના લોકોને રસી મુકાવવા માં યુવા શક્તિ આગળ આવે તો નર્મદા જિલ્લામાં કોરોના વિરોધી રસીકરણ નો ઝડપથી લક્ષયાંક પૂરો થઈ જાય.

રિપોર્ટ: જ્યોતિ જગતાપ,રાજપીપળા

## અરવલ્લી પેરોલ ફર્લો ટીમે દબોચ્યો

# શામળાજી પોલીસ પર હુમલો કરી બંદૂક છીનવી લેનાર કુખ્યાત બુટલેગર વર્ષ પછી ઝડપાયો

અરવલ્લી બ્યુરો મોડાસા



અરવલ્લી જીલ્લામાં પોલીસે જ પોષીને મોટા કરેલા બુટલેગરો બેફામ બન્યા હતા અને પોલીસ પર જ હુમલો કરી ખાખી પર ભારે પડી રહ્યા છે ત્યારે એસપી સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ જીલ્લા પોલીસતંત્ર બુટલેગરો સામે શખ્ત કાર્યવાહી કરી ફાટીને ધુમાડે ગયેલા અને કાયદાનો કોઈ ડર જ ન હોય તેવા બુટલેગરોને ઝડપી પાડી જેલ ભેગા કરી રહી છે અરવલ્લી જીલ્લા પેરોલ ફર્લો ટીમે શામળાજી પોલીસ પર હુમલો કરનાર અને પોલીસની બંદૂક છીનવી લેવાના ગુન્હામાં છેલ્લા ૭ વર્ષથી નાસતા ફરતા અને ગુજરાત રાજસ્થાનમાં અલગ અલગ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનના ગુન્હાના નામચીન બુટલેગર જીવો ઉર્ફે જીવણ ઉર્ફે જીવા પુના મનાતને બાતમીના આધારે મેઢાસણ-ટીંટીસર રોડ પરથી દબોચી લેતા કુખ્યાત બુટલેગરના હોશકોશ ઉડી ગયા હતા પેરોલ ફર્લો ટીમે કુખ્યાત બુટલેગરને જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો

અરવલ્લી જીલ્લા પેરોલ ફર્લો પીએસઆઈ કે.એસ.સીસોદીયા અને તેમની ટીમે જીલ્લામાં નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા મોડાસા રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સઘન પેટ્રોલિંગ હાથધર્યું હતું ત્યારે બરનોલા ગામે પ્રોહીબીશન રેડ કરવા ગયેલી શામળાજી પોલીસ પર હુમલો કરી પોલીસકર્મી પાસેથી બુટલેગરોએ પોલીસકર્મીની બંદૂક છીનવી લેવાના ગુન્હાનો આરોપી અને અમદાવાદ,ગાંધીનગર સહીત અન્ય પોલીસ સ્ટેશન અને રાજસ્થાનના વીંછીવાડા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન સહીત અન્ય ગુન્હામાં સંડોવણીનો કુખ્યાત આરોપી જીવો ઉર્ફે જીવણ ઉર્ફ જીવા પુના મનાત મેઢાસણ-ટીંટીસર રોડ પરથી પસાર થવાનો હોવાની બાતમી મળતા પેરોલફર્લો ટીમ તાબડતોડ મેઢાસણ-ટીંટીસર રોડ પર વોચ ગોઠવી દીધી અને રોડ પરથી પસાર થતા જીવા મનાતને પોલીસ સકંજામાં આવી ગયો હોવાની જાણ થતા ભાગવા લાગતા પેરોલ ફર્લો ટીમે કોર્ડન કરી દબોચી લેતા બુટલેગરના મોતીયા મરી ગયા હતા અરવલ્લી પેરોલ ફર્લો ટીમે નામચીન બુટલેગરને મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં સુપ્રત કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી

## સમગ્ર દ્રશ્ય CCTV માં કેદ

# મોડાસા : સૂકા બજારમાં પસાર થતી બેકાબુ બનેલી કારે એક્ટિવાને અડફેટે લઈ દીવાલ સાથે ભટકાઈ

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં અકસ્માતની ઘટનાઓ સતત બની રહી છે વાહનચાલકો સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવતા નિર્દોષ વાહનચાલકો અને રાહદારીઓનો ભોગ લેવાઈ રહ્યો છે મોડાસા શહેરના સતત વાહનો અને રાહદારીઓથી ધમધમતા સુકાબજાર વિસ્તારમાં પસાર થતી કારના ચાલકે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા સામેથી આવતા એક્ટિવાને ધડાકાભેર ટક્કર મારી બેકાબુ બનેલ કાર નજીક રહેલી દુકાનની દીવાલમાં ઘૂસી જતા અટકી જતા મોટી જાનહાની ટળી હતી અકસ્માતના પગલે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા એક્ટિવા ચાલકના શરીરે સામાન્ય ઈજાઓ થઈ હતી

સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી

મોડાસા શહેરના સુકાબજાર વિસ્તારમાંથી પસાર થતી કારના ચાલકે અગમ્ય કારણોસર સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવ્યા બાદ સામેથી આવતા એક્ટિવાને અડફેટે લીધા પછી કાર બેકાબુ બની રોડ નજીક રહેલી દુકાનની દીવાલ સાથે ધડાકાભેર અથડાતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા સદનસીબે એક્ટિવા ચાલકને શરીરે સામાન્ય ઈજાઓ પહોંચતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો કાર બેકાબુ બન્યા પછી દીવાલમાં અથડાઈ અટકી જતા મોટી દુર્ઘટના સર્જાતા સહેજ માટે રહી ગઈ હતી લોકોમાં કાર ચાલક સામે ભારે રોષ પ્રવર્તી રહ્યો હતો

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.